સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK 27 (03/07/22 to 09/07/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)













JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


## 03 JULY-2022

- મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી : શ્રી એકનાથ શિંદે ........ 02
- હોર્ન ઓફ આફ્રિકામાં ચીનની ઉપસ્થિતિ ........ 03
- QUESTION ANSWERS ........ 05

## 04 JULY-2022

- મુંબઈને પરાજય આપીને મધ્યપ્રદેશ વર્ષ 2021-22ની રણજી ટ્રોફીમાં ચેમ્પિયન ........ 06
- કાઈ ચટણી : ઓડિશા ........ 07
- ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ : BRAP 2020 ........ 08
- QUESTION ANSWERS ........ 10

## 05 JULY-2022

- શ્રી ટી.રાજા કુમારને FATFના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ........ 11
- 'ડિજિટલ ઇન્ડિયા વીક 2022'નો શુભારંભ ........ 11
- QS Best Syudents Cities Rankings 2023 ........ 14
- શ્રી અલ્લુરી સીતારામ રાજુની કાંસાની પ્રતિમાનું અનાવરણ ........ 15
- QUESTION ANSWERS ........ 17

## 06 JULY-2022

- રાજ્યોની સ્ટાર્ટ-અપ રેન્કિંગ 2021 ........ 19
- સ્ક્વોડ્રન INAS 324 ........ 21
- શ્રી પરમેશ્વરન અય્યર નીતિ આયોગના નવા CEO ........ 21
- QUESTION ANSWERS ........ 25

## 07 JULY-2022

- દિવસ મહિમા : 07 જુલાઈ, વિશ્વ ચોકલેટ દિવસ (World Chocolate Day) ........ 26
- NFSA માટે સ્ટેટ રેન્કિંગ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો ........ 26
- CBSEએ પરીક્ષા સંગમ પોર્ટલ કર્યુ ........ 28
- QUESTION ANSWERS ........ 30

## 08 JULY-2022

- ફિલ્ડ મેડલ 2022 (Field Medal 2022) ........ 31
- Modi@20 : Dreams Meet Delivery ........ 32
- નૈરોબી માખી (Nairobi Flies) ........ 33
- QUESTION ANSWERS ........ 34

## 09 JULY-2022

- જાપાનના પૂર્વ વાડપ્રધાન શ્રી શિન્ઝો આબેનું નિધન ........ 35
- માનગઢ ટેકરીને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવામાં આવ્યું ........ 40
- આર્યભટ્ટ-1 : એનાલોગ ચિપસેટનો પ્રોટોટાઈપ વિકસાવવામાં આવ્યો ........ 41
- QUESTION ANSWERS ........ 42

ONE LINER ........ 43

QUESTION OF THIS WEEK ........ 49


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી : શ્રી એકનાથ શિંદે

તાજેતરમાં મહારાષ્ટ્રની વિધાનસભામાં શિવસેના પક્ષમાં શ્રી એકનાથ શિંદેના નેતૃત્ત્વમાં બળવો થયો હતો.

- ત્યારબાદ શ્રી ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું.
- ત્યારબાદ શ્રી એકનાથ શિંદે અને તેમના સમર્થનમાં રહેલા ધારાસભ્યોએ ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન કરી અને સરકાર બનાવી છે.
- આ અંતર્ગત મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ શ્રી એકનાથ શિંદેએ લીધા છે.
- તથા ભાજપના નેતા શ્રી દેવેન્દ્ર ફડણવીસએ નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.

### શ્રી એકનાથ શિંદે



શ્રી એકનાથ શિંદેનો જન્મ 9 ફેબ્રુઆરી, 1964ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના જાવલી તાલુકાના દારે ગામમાં થયો હતો.

- તેઓ સૌપ્રથમ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રથમ વખત કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા.
- ત્યારબાદ તેઓ વર્ષ 2004થી સતત ચાર વખત વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- તેઓ હાલમાં શિવસેના પક્ષ સાથે જોડાયેલા છે.
- મુખ્યમંત્રી બનતા પહેલા તેઓ શ્રી ઉદ્ધવ ઠાકરેના નેતૃત્ત્વ વાળી સરકારમાં કેબિનેટ મંત્રી હતા.
- તેમણે 2019 થી 2020 સુધી શહેરી વિકાસ અને જાહેર બાંધકામના મંત્રી તરીકે સેવા આપી હતી.
- તેઓ મહારાષ્ટ્રના થાણેના કોપરી–પચપાખડી મત વિસ્તારમાંથી વિધાનસભાના સભ્ય છે.
- જૂન 2022માં તેમણે મહારાષ્ટ્રની વિધાનસભામાં બળવો કર્યો હતો.
- ત્યારબાદ તેમણે ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન કરી મહારાષ્ટ્રના 20માં મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.

### વર્ષ 2019માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી

વર્ષ 2019માં મહારાષ્ટ્રમાં 14મી વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.

- ત્યારબાદ તેમનું રિઝલ્ટ જાહેર થયા બાદ 23 નવેમ્બર, 2019ના રોજ શ્રી દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા.
- આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ વિધાનસભાની 288 બેઠકમાંથી 106 બેઠક પર જીત મેળવી હતી.
- તથા શિવસનાએ 40 બેઠક, NCP 53 અને કોંગ્રેસે 44 બેઠક પર જીત મેળવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- શ્રી દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રી બન્યાબાદના 80 કલાક બાદ રાજીનામું આપ્યું હતું.
- કારણ કે તે સમયે શિવસેના, NCP અને કોંગ્રેસ સાથે મળીને 'મહા વિકાસ અઘાડી' (MVA) ગઠબંધન સરકારની રચના કરી હતી.
- આ ગઠબંધનવાળી સરકારમાં શિવસેનાના વડા શ્રી ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદે શપથ લીધા હતા.
- ત્યારબાદ જુન 2022માં બળવો થયા બાદ મહારાષ્ટ્રની વિધાસભામાં ભંગાણ થયું હતું.
- આથી, શ્રી ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું અને નવા મુખ્યમંત્રી તરીકે શ્રી એકનાથ શિંદેએ શપથ લીધા છે.

## શપથવિધિ

શપથવિધિ દરમિયાન રાજ્યપાલ મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના ત્રીજા પરિશિષ્ઠ અનુસાર હોદ્દો અને ગુપ્તતાના શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 164 (3) મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.

નોંધ: (1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ 15 ટકા મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે.

(2) ભારતીય બંધારણના અનુચ્છેદ 163 અનુસાર રાજ્યને મદદ કરવા અને સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(3) ભારતીય બંધારણના અનુચ્છેદ 164 અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે.

(4) મહારાષ્ટ્ર રાજ્યના વર્તમાન રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશિયારી છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હોર્ન ઓફ આફ્રિકામાં ચીનની ઉપસ્થિતિ



તાજેતરમાં પ્રથમ 'China-Horn of Africa peace, Governance and Development Conference'નું આયોજન થયું હતું.

- આવું પ્રથમ વખત છે જ્યારે 'સુરક્ષાના ક્ષેત્રમાં તેની ભૂમિકા ભજવવાનું' લક્ષ્ય રાખે છે.
- ઈથોપિયામાં યોજાયેલી કોન્ફરન્સમાં હોર્ન દેશો–કેન્યા, જિબૂતિ, ઈથોપિયા, સુદાન, સોમાલિયા, દક્ષિણ સુદાન અને યુગાન્ડાના વિદેશ મંત્રાલયોની સહભાગિતા જોવા મળી હતી.

## હોર્ન ઓફ આફ્રિકા

હોર્ન ઓફ આફ્રિકા એ ઉત્તરપૂર્વ આફ્રિકામાં આવેલ એક દ્વીપકલ્પ છે.

- આફ્રિકન મૂખ્યભૂમિના પૂર્વભાગમાં સ્થિત તે વિશ્વનું ચોથુ સૌથી મોટું દ્વીપકલ્પ છે.
- તે લાલ સમુદ્રની દક્ષિણ સરહદે આવેલું છે તથા ગાર્ડાફૂઈ ચેનલ, એડનની ખાડી અને હિંદ મહાસાગરમાં અનેક કિલોમીટર સુધી વિસ્તરેલું છે.
- આફ્રિકાનું હોર્ન ક્ષેત્ર વિષુવવૃત્ત અને કર્કવૃત્તથી સમાન અંતરે છે.
- હોર્નમાં ઈથોપિયન ઉચ્ચપ્રદેશ, ઓગાડેન રણ, એરિટ્રિયા અને સોમાલીયન કોસ્ટની જૈવવિવિધતાનો સમાવેશ થાય છે.
- હોર્ન ઓફ આફ્રિકા એ જીબૂતિ, એરિટ્રિયા, ઈથોપિયા અને સોમાલિયા દેશોનો સમાવેશ કરે છે.
- આ પ્રદેશે સામ્રાજ્યવાદ, નિયો–વસાહતીવાદ, શીતયુદ્ધ, વંશીય સંઘર્ષ, આંતર–આફ્રિકન સંઘર્ષ, ગરીબી, રોગ, દુષ્કાળ વગેરેનો અનુભવ કર્યો છે.

## ચીનના તાજેતરના પ્રોજેક્ટ

જાન્યુઆરી, 2022માં ચીને આફ્રિકામાં તેના ત્રણ ઉદ્દેશ્યો પર ભાર મુક્યો હતો, જેમાં મહામારીને નિયંત્રણમાં રાખવું, ચાઈના–આફ્રિકા કોઓપરેશન ફોરમ (FOCAC)ના પરિણામોનો અમલ કરવો અને આધિપત્યની રાજનીતિ સામે લડતી વખતે સામાન્ય હિતો જાળવી રાખવાનો સમાવેશ થાય છે.

- હોર્નના સમગ્ર પ્રદેશે 2021 ફોરમમાં ભાગ લીધો હતો, જેણે ચાર ઠરાવો અપનાવ્યા હતા.
- Covid-19 મહામારી દરમિયાન ચીને ઈથોપિયા અને યુગાન્ડાને 3,00,000 થી વધુ રસીઓ અને કેન્યા તથા સોમાલિયાને 2,00,000 રસીઓનું દાન કર્યુ હતું.
- આફ્રિકન યુનિયન હેડક્વાર્ટરને આદિસ અબાબામાં 200 મિલિયન અમેરિકન ડોલરની સહાયથી સીમાચિહ્નરૂપ ચીની પ્રોજેક્ટ દ્વારા સંપૂર્ણ ધીરાણ આપવામાં આવ્યું હતું.
- ચીને કેન્યામાં મોમ્બાસા–નૈરોબી રેલ લિંકમાં પણ રોકાણ કર્યુ છે, ઉપરાંત સુદાનમાં રેલવે પ્રોજેક્ટ પર કામ કર્યુ છે.
- તેની પાસે ઈથોપિયામાં એક સક્ષમ લશ્કરી હાર્ડવેર માર્કેટ પણ છે અને તેણે સોમાલિયામાં હોસ્પિટલો, રસ્તાઓ, શાળાઓ અને સ્ટેડિયમ સહિત 80થી વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ બનાવ્યા છે.
- આ ઉપરાંત જીબૂતિમાં 14 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને ચીન દ્વારા ધીરાણ આપવામાં આવી રહ્યું છે.
- ચીન ઈથોપિયામાં સોનુ, લોહ–અયસ્ક, કિંમતી પથ્થરો, રસાયણો, તેલ અને કુદરતી ગેસ જેવા ખનીજોમાં પણ રસ લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં શ્રી ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યુ હતું. તેઓ કયા રાજ્યના મુખ્યમંત્રી હતા ?

(A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન (C) મધ્યપ્રદેશ (D) છત્તીસગઢ (A)

2. તાજેતરમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા છે ?

(A) શ્રી દેવેન્દ્ર ફડણવીસ (B) શ્રી રામદે ફડણવીસ

(C) શ્રી નાનાજી શિંદે (D) શ્રી એકનાથ શિંદે (D)

3. શ્રી એકનાથ શિંદે મહારાષ્ટ્રના કેટલામાં મુખ્યમંત્રી બન્યા છે ?

(A) 18મા (B) 19મા (C) 20મા (D) 21મા (C)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ હોર્ન ઓફ આફ્રિકા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. હોર્ન ઓફ આફ્રિકા એ ઉત્તરપૂર્વ આફ્રિકામાં આવેલ એક દ્વીપકલ્પ છે.

2. આફ્રિકન મૂખ્યભૂમિના પૂર્વભાગમાં સ્થિત તે વિશ્વનું ચોથુ સૌથી મોટું દ્વીપકલ્પ છે.

3. તે જીબૂતિ, એરિટ્રિયા, ઈથોપિયા અને સોમાલિયા દેશોનો સમાવેશ કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2, અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# મુંબઈને પરાજય આપીને મધ્યપ્રદેશ વર્ષ 2021-22ની રણજી ટ્રોફીમાં ચેમ્પિયન




તાજેતરમાં ભારતમાં રણજી ટ્રોફી 2021-22નું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં મુંબઈને પરાજય આપીને મધ્યપ્રદેશે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.
- મધ્યપ્રદેશે પ્રથમ વખત રણજીટ્રોફી જીતી છે.
- નોંધનીય છે વર્ષ 2020-21ની રણજી ટ્રોફીની સિઝન કોરોના મહામારીના કારણે યોજાઈ ન હતી.
- આ અગાઉ એટલે કે 2019-20ની રણજી ટ્રોફી સિઝનમાં સૌરાષ્ટ્રની ટીમ ચેમ્પિયન બની હતી.

## રણજી ટ્રોફીની ફાઈનલ મેચ

મધ્યપ્રદેશ અને મુંબઈ ટીમ વચ્ચેની વર્ષ 2021-22ની રણજી ટ્રોફીની ફાઈનલ મેચ કર્ણાટક રાજ્યના બેંગ્લોર ખાતે આવેલ એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.

- જેમાં મધ્યપ્રદેશની ટીમના શ્રી શુભમ શર્મા 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.

નોંધઃ (1) આ ટુર્નામેન્ટમાં પ્લેયર ઓફ ધ સિરિઝ મુંબઈની ટીમના પ્લેયર શ્રી સરફરાઝ ખાન બન્યા હતા.

(2) મધ્યપ્રદેશની ટીમના કેપ્ટન શ્રી આદિત્ય શ્રીવાસ્તવ હતા.

(3) આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 982 રન મુંબઈના ખેલાડી શ્રી સરફરાઝ ખાને બનાવ્યા હતા.

(4) તથા આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 45 વિકેટ મુંબઈના ખેલાડી શ્રી શમ્સ મુલાનીએ ઝડપી હતી.

## રણજી ટ્રોફી ટુર્નામેન્ટ

રણજી ટ્રોફી એ ભારતની એક Domestic first class cricket championship (ઘરેલુ પ્રથમ શ્રેણીની ટુર્નામેન્ટ) છે.

- આ ટુર્નામેન્ટમાં ભારતના વિવિધ રાજ્યો તથા પ્રદેશોની ટીમ ભાગ લે છે.
- ભારતમાં 1934થી આ ટુર્નામેન્ટ યોજાય છે.
- આ ટુર્નામેન્ટ 'ટેસ્ટ મેચ' ફોર્મેટમાં યોજાય છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમનારા ભારતના પ્રથમ ખેલાડી શ્રી રણજીતસિંહના નામ પરથી આ ટુર્નામેન્ટને 'રણજી ટ્રોફી' નામ આપવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રણજી ટ્રોફીમાં ગુજરાત

રણજી ટ્રોફીમાં ગુજરાત તરફથી હાલ ત્રણ ટીમો ભાગ લે છે :

(1) સૌરાષ્ટ્ર

(2) બરોડા (અથવા વડોદરા) અને

(3) ગુજરાત

- જેમાં સૌરાષ્ટ્રની ટીમ અગાઉ નવાનગર તથા વેસ્ટર્ન ઈન્ડિયા તરીકે ઓળખાતી હતી.
- જેમાંથી નવાનગરે 1936-37માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- જ્યારે વેસ્ટર્ન ઈન્ડિયાએ 1943-44માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- વર્તમાન સૌરાષ્ટ્રની ટીમે 1950-51થી રણજી ટ્રોફી રમવાનો પ્રારંભ કર્યો છે.
- ત્યારબાદ સૌરાષ્ટ્રની ટીમે રણજી ટ્રોફીમાં 2019-20માં આ ટુર્નામેન્ટ જીતી હતી.

નોંધ : મુંબઈની ટીમે સૌથી વધુ એટલે કે 41 વખત રણજી ટ્રોફીની ટુર્નામેન્ટ જીતી છે.

## કાઈ ચટણી : ઓડિશા



ઓડિશામાં વૈજ્ઞાનિક કાઈ ચટણીને 'ભૌગોલિક સંકેત' (GI ટેગ) રજિસ્ટ્રી માટે સબમિટ કરવામાં આવી છે.

- GI ટેગ સ્ટાન્ડર્ડ એ કાઈ ચટણીના વ્યાપક ઉપયોગ માટે સંરચિત સ્વચ્છતા પ્રોટોકલ વિકસાવવામાં મદદ કરશે.
- GI ટેગ સ્થાનિક ઉત્પાદનોની પ્રતિષ્ઠા અને મૂલ્યને વધારે છે અને સ્થાનિક વ્યવસાયોને સમર્થન આપે છે.
- ઓડિશાને વર્ષ 2019માં ઓડિશા રસગુલ્લા માટે GI ટેગ મળ્યો હતો.

### કાઈ ચટણી

કાઈ ચટણી (Kai Chutney) વીવરકીડી (અથવા બુનકર કીડી)ઓમાંથી તૈયાર કરવામાં આવે છે.

- કાઈ ચટણી ઓડિશાના મયુરભંજ જિલ્લામાં મોટા ભાગના આદિવાસી લોકોમાં લોકપ્રિય છે.
- જ્યારે જરૂર પડે ત્યારે કીડીઓના પાંદડાવાળા માળાઓ તેમના યજમાન વૃક્ષો પરથી ઉપાડવામાં આવે છે. તથા પાંદડા અને કાટમાળને અલગ પાડવામાં આવે તે પહેલાં પાણીની ડોલમાં એકત્રિત કરવામાં આવે છે.
- કાઈ ચટણી અમૂલ્ય પ્રોટિન, ઝીંક, કેલિશયમ, આયર્ન, Diet B-12,પોટેશિયમ, મેગ્નેશિયમ, કોપર, સોડિયમ, ફાઈબર અને એમિનો એસિડથી સમૃદ્ધ છે.
- તે ફલૂ, સામાન્ય શરદી, કફની ઉધરસ, ભૂખ વધારવામાં અને કુદરતી રીતે દૃષ્ટિ સુધારવામાં મદદ કરે છે.

- આદિવાસી ચિકિત્સકો પણ દવાયુક્ત તેલ તૈયાર કરે છે. જેનો ઉપયોગ બેબી ઓઈલ (બાળકના તેલ) તરીકે પણ થાય છે.
- આ ઉપરાંત બાહ્ય રીતે તેનો ઉપયોગ સંધિવા, દાદ અને અન્ય ચામડીના રોગના ઉપચાર માટે પણ થાય છે.
- આદિવાસીઓ માટે તે એકમાત્ર રામબાણ ઉપાય છે.

## વીવર કીડીઓ



વીવર કીડીઓને વૈજ્ઞાનિક રીતે ઓકોફિલા સ્મરાગડીના કહેવામાં આવે છે.

- તે આખા વર્ષ દરમિયાન ઓડિશાના મયુરભંજમાં પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.
- તેઓ યજમાન વૃક્ષોના પાંદડામાંથી માળો બનાવે છે.
- માળાઓ પવન સામે ટકી શકે તેટલા મજબૂત અને પાણી માટે અભેદ્ય હોય છે.
- તેના માળા સામાન્ય રીતે અંડાકાર આકારના હોય છે.
- તેમના પરિવારોમાં સભ્યની ત્રણ શ્રેણીઓ છે– કામદારો, મુખ્ય કામદારો અને રાણીઓ.
- તે નાના જંતુઓ અને અન્ય અપૃષ્ઠવંશીઓથી ખોરાક પ્રાપ્ત કરે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ : BRAP 2020



તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ' બહાર પાડ્યુ છે.

- જે બિઝનેસ રિફોર્મ્સ એક્શન પ્લાન (BRAP) રિપોર્ટ, 2020 પર આધારિત છે.

## રેન્કિંગ વિશે

આ રેન્કિંગનો મુખ્ય ઉદ્દેશ રોકાણકારોને પ્રોત્સાહિત કરવા વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા અને BRAPમાં રાજ્યોની કામગીરીના આધારે મૂલ્યાંકન કરવાની સિસ્ટમ દ્વારા સ્વસ્થ સ્પર્ધાત્મક વાતાવરણ દ્વારા સમગ્ર દેશમાં વેપાર કરવાની સ્થિતિને સરળ બનાવવાનો છે.

## ઘટકો

પરિમાણોમાં વિવિધ ક્ષેત્રનો સમાવેશ થાય છે, જેમ કે બાંધકામ પરવાનગી, મજૂર નિયમન, પર્યાવરણીય નોંધણી, માહિતીની એક્સેસ, જમીનની ઉપલબ્ધતા અને સિંગલ વિન્ડો સિસ્ટમ.

## ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ

### Top Achievers

સાત રાજ્યો–આંધ્રપ્રદેશ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, પંજાબ, તેલંગાણા અને તમિલનાડુને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગમાં 'ટોપ અચીવર્સ' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

### Achievers

હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓડિશા અને મધ્યપ્રદેશ અન્ય રાજ્યો છે જેને રેન્કિંગમાં 'અચીવર્સ' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

### ઉભરતા વેપારી ઈકોસિસ્ટમ

છ રાજ્યો– મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, પુડુચેરી અને જમ્મુ કાશ્મીર 'ઉભરતા વેપારી ઈકોસિસ્ટમ' અથવા 'ઈમર્જિંગ બિઝનેસ ઈકોસિસ્ટમ' હતા.

### આકાંક્ષી

સાત રાજ્યો– ગોવા, આસામ, કેરળ, રાજસ્થાન, ઝારખંડ, છત્તીસગઢ અને બંગાળને 'આકાંક્ષી' જિલ્લા તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. રણજી ટ્રોફી 2021-22 વિજેતા ટીમનું નામ શું છે ?

(A) ગુજરાત (B) બંગાળ (C) મધ્યપ્રદેશ (D) વિદર્ભ (C)

2. મધ્યપ્રદેશે કઈ ટીમને પરાજય આપીને 2021-22ની રણજી ટ્રોફી ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) વિદર્ભ (B) મુંબઈ (C) ગુજરાત (D) હરિયાણા (B)

3. રણજી ટ્રોફી સંદર્ભે નીચેના પૈકી કઈ બાબત સાચી રીતે જોડાયેલી નથી ?

(A) રણજી ટ્રોફી એ ભારતની એક 'Domestic first class cricket championship' (અથવા ઘરેલુ પ્રથમ શ્રેણીની ટુર્નામેન્ટ) છે.

(B) આ ટુર્નામેન્ટમાં ભારત ઉપરાંત શ્રીલંકા અને બાંગ્લાદેશ ક્ષેત્રના ખેલાડી પણ ભાગ લે છે.

(C) ભારતમાં 1934થી આ ટુર્નામેન્ટ યોજાય છે.

(D) આ ટુર્નામેન્ટ 'ટેસ્ટ મેચ' ફોર્મેટમાં યોજાય છે. (B)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કાઈ ચટણી' કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) ઓડિશા (B) પંજાબ (C) કેરળ (D) ત્રિપુરા (A)

5. તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગ' બહાર પાડ્યુ છે, જે બિઝનેસ રિફોર્મ્સ એક્શન પ્લાન (BRAP) પર આધારિત છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ રેન્કિંગમાં આંધ્રપ્રદેશ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, પંજાબ, તેલંગાણા અને તમિલનાડુ રાજ્યોને 'ટોપ અચીવર્સ' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

(B) હિમાચલપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓડિશા અને મધ્યપ્રદેશને 'અચીવર્સ' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

(C) આ રેન્કિંગનો મુખ્ય ઉદ્દેશ સ્વસ્થ સ્પર્ધાત્મક વાતાવરણ દ્વારા સમગ્ર દેશમાં વેપાર કરવાની સ્થિતિને સરળ બનાવવાનો છે.

(D) ઉપરોક્ત તમામ સાચા (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ટી.રાજા કુમારને FATFના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા



તાજેતરમાં સિંગાપોરના શ્રી ટી.રાજા કુમારને FATFના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- શ્રી માર્કસ પ્લેયરના સ્થાને તેમની નિમણૂક કરવામાં આવી છે.
- તેઓ આગામી બે વર્ષ સુધી તેમની સેવા નિભાવશે.
- તેઓ ઘણા સમયથી ગ્લોબલ ટેરર ફાઈનાન્સિંગ વિરૂદ્ધ કામ કરી રહ્યા છે.

### FATF શું છે ?

FATFનું પૂરું નામ 'Financial Action Task Force' (On Money Laundering) છે.

- 'મની લોન્ડરિંગ' અથવા કાળા નાણાંને કાયદેસર થતા રોકવા માટે નીતિઓ બનાવવા વર્ષ 1989માં તેની સ્થાપના G- 7 દેશોની બેઠકમાં કરવામાં આવી હતી.
- FATF એક ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે.
- વર્ષ 2001થી તેના કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવ્યો છે અને હવે તે 'ટેરર ફાઈનાન્સિંગ' એટલે કે આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે થતી નાણાકીય મદદને અટકાવવા માટે પણ નીતિઓ બનાવે છે.
- તેનું વડું મથક અથવા સચિવાલય ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.
- FATFના સભ્ય દેશોમાં ભારત, અમેરિકા, ચીન સહિત કુલ 39 દેશોનો સમાવેશ થાય છે.
- FATF પ્લેનરી એ FATFની નિર્ણય લેતી સંસ્થા છે. તેના સત્રો વર્ષમાં ત્રણ વખત યોજાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 'ડિજિટલ ઇન્ડિયા વીક 2022'નો શુભારંભ



4 જુલાઈ, 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ડિજિટલ ઈન્ડિયા વીક 2022'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- ડિજિટલ ઈન્ડિયા વીક 2022નો શુભારંભ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી કરવામાં આવ્યો હતો.
- તેનો ઉદ્દેશ્ય વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા અને જીવનને સરળ બનાવવાનો છે.
- તેમની થીમ 'ન્યુ ઈન્ડિયા ટેકનોલોજી પ્રેરણા' (Catalyzing New India's Techade) છે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે 'મેક ઈન ઈન્ડિયા'ની શક્તિ અને ડિજિટલ ઈન્ડિયાની તાકાતથી ભારત ઔદ્યોગિક ક્રાંતિ 4.0ને નવી ઊંચાઈએ લઈ જશે.
- આ ઈવેન્ટ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેકનોલોજી સુધી પહોંચ વધારવા, જીવનને સરળ બનાવવા અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે સેવા વિતરણને સુવ્યવસ્થિત કરવાના હેતુથી ઘણી ડિજિટલ પહેલો શરૂ કરી છે.

## ડિજિટલ પહેલ

### ડિજિટલ ઈન્ડિયા ભાશિની

ડિજિટલ ઈન્ડિયા ભાશિની એ ભારતનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની આગેવાની હેઠળનું ભાષા અનુવાદ પ્લેટફોર્મ છે.

- ભાશિની પ્લેટફોર્મ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (NLP) સંસાધનો MSME, સ્ટાર્ટઅપ્સ અને વ્યક્તિ સંશોધકોને જાહેર ડોમેનમાં ઉપલબ્ધ કરાવશે.

### ડિજિટલ ઈન્ડિયા જિનેસિસ

ડિજિટલ ઈન્ડિયા જિનેસિસ (જેન–નેક્સ્ટ સપોર્ટ ફોર ઈનોવેટિવ સ્ટાર્ટઅપ્સ) એ ભારતમાં ટિયર–2 અને ટિયર–3 શહેરોમાં સફળ સ્ટાર્ટઅપ્સને શોધવા, સમર્થન, વિકાસ અને નિર્માણ કરવા માટેનું રાષ્ટ્રીય ડીપ–ટેક સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મારી યોજના (My Scheme)

તે એક સર્ચ/શોધ પ્લેટફોર્મ છે જે સરકારી યોજનાઓ સુધી પહોંચવાની સુવિધા આપે છે.

- તેનો ઉદ્દેશ વન–સ્ટોપ સર્ચ અને ડિસ્કવરી પોર્ટલ રજૂ કરવાનો છે, જ્યાં વપરાશકર્તાઓ તેઓ જે યોજના માટે પાત્ર છે તે શોધી શકે છે.

### મારી ઓળખ

તે એક નાગરિક લોગીન માટે નેશનલ સિંગલ સાઈન ઓન (NSSO) છે.

- તે એક વપરાશકર્તા પ્રમાણીકરણ સેવા છે જેમાં ઓળખપત્રનો એક સમૂહ બહુવિધ ઓનલાઈન એપ્લિકેશનો અથવા સેવાઓની એક્સેસ પ્રદાન કરે છે.

## ચિપ્સ સ્ટાર્ટઅપ (C25) પ્રોગ્રામ

C25 પ્રોગ્રામનો ઉદ્દેશ બેચલર, માસ્ટર્સ અને રિસર્ચ સ્તરે સેમિકન્ડક્ટર ચિપ્સ ડિઝાઈનના ક્ષેત્રમાં વિશેષ માનવશક્તિને તાલીમ આપવાનો છે.

- અને દેશમાં સેમિકન્ડક્ટર ડિઝાઈન સાથે સંકળાયેલા સ્ટાર્ટઅપ્સના વિકાસ માટે ઉત્પ્રેરક તરીકે કાર્ય કરવાનો છે.
- તે સંસ્થાકીય સ્તરે માર્ગદર્શન આપે છે અને સંસ્થાઓને ડિઝાઈન અત્યાધુનિક સેવા પૂરી પાડે છે.

## ઈન્ડિયા સ્ટેક ગ્લોબલ

તે આધાર, UPI, ડિજીલોકર, રસીકરણ પ્લેટફોર્મ, ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લસ, દીક્ષા પ્લેટફોર્મ અને આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન જેવા ઈન્ડિયા સ્ટેક હેઠળ મુકાયેલા મોટા પ્રોજેક્ટ્સનું વૈશ્વિક ભંડાર છે.

- તેનાથી વસતીના સ્તરે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટના નિર્માણમાં ભારતને અગ્રેસર તરીકે સ્થાપિત કરવામાં મદદ મળશે.

## ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ

ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમને વર્ષ 2015માં લોન્ચ કરવામાં આવ્યો હતો.

- આ કાર્યક્રમે ભારતનેટ, મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર વગેરે જેવી ઘણી મહત્ત્વપૂર્ણ સરકારી યોજનાઓ માટે સક્ષમ કરવામાં આવ્યો છે.
- ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમનો વિઝન એરિયા નીચે મુજબ છે :

(a) દરેક નાગરિક માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

(b) માંગ આધારિત શાસન અને સેવાઓ

(c) નાગરિકોનું ડિજિટલ સશક્તિકરણ

## ઉદ્દેશ્ય

ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) ભવિષ્ય માટે ભારતના જ્ઞાનને તૈયાર કરવું

(b) પરિવર્તનશીલ બનવા માટે IT (ભારતીય પ્રતિભા) + (ઈન્ફોર્મેશન ટેકનોલોજી) = IT (ઈન્ડિયા ટુમોરો)નો અહેસાસ કરવો

(c) પરિવર્તનને સક્ષમ કરવા માટે કેન્દ્રીયકરણ તકનીક

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સિદ્ધિઓ

ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમની સિદ્ધિઓ નીચે મુજબ છે :

(1) વર્ષ 2014થી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર અથવા DBT દ્વારા લાભાર્થીઓને રૂ. 23 લાખ કરોડથી વધુ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

(2) આધાર, UPI, કોવિન અને ડિજીલોકર જેવી ડિજિટલ પ્લેટફોર્મ સેવાઓએ 'જીવનની સરળતા'માં ફાળો આપ્યો છે કારણ કે તે નાગરિકોને સરકારી કચેરીઓ અથવા મધ્યસ્થિઓમાં ગયા વિના ઓનલાઈન સેવાઓ મેળવવાની મંજૂરી આપે છે.

(3) ડિજિટલ ઈન્ડિયાએ સરકારને નાગરિકોના ઘર અને ફોન સુધી પહોંચાડી છે. રૂ. 1.25 લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર્સ (CSC) અને ગ્રામીણ સ્ટોર્સ હવે ઈ–કોમર્સને ગ્રામીણ ભારતમાં લઈ જઈ રહ્યું છે.

(4) તેવી જ રીતે ગ્રામીણ મિલકતોના પ્રોપર્ટી દસ્તાવેજો ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે.

(5) વન નેશન વન રેશન કાર્ડની મદદથી 80 કરોડથી વધુ દેશવાસીઓને મફત રાશનની ખાતરી કરવામાં આવી હતી.

(6) કો–વિન પ્લેટફોર્મ દ્વારા ભારતે વિશ્વનો સૌથી મોટો અને સૌથી કાર્યક્ષમ કોવિડ રસીકરણ અને કોવિડ રાહત કાર્યક્રમ હાથ ધર્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## QS Best Student Cities Rankings 2023



તાજેતરમાં 'QS Best Student Cities Rankings 2023' પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

- આ રેન્કિંગમાં લંડનને શ્રેષ્ઠ શહેર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.
- યુનિવર્સિટીના ધોરણો, પોષણક્ષમતા અને વિદ્યાર્થીઓની સુવિધાઓના સંદર્ભમાં વિદેશમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે લંડનને શ્રેષ્ઠ સ્થાન આપવામાં આવ્યું છે.
- લંડન પછી સિઓલ અને મ્યુનિક બીજા અને ત્રીજા સ્થાને છે.
- ઝ્યુરિચ અને મેલબોર્ન ચોથા અને પાંચમા ક્રમે છે.
- ભારતમાં ઉચ્ચ ક્રમાંકિત વિદ્યાર્થીઓનું શહેર મુંબઈ છે.

- વૈશ્વિક સ્તરે તે 103માં સ્થાને છે.
- મુંબઈ પછી બેંગ્લોર 114માં સ્થાને છે.
- જ્યારે આરબ પ્રદેશમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી શહેર દુબઈ છે. તે વૈશ્વિક સ્તરે 51માં ક્રમે છે.

નોંધ: (1) QS બેસ્ટ સ્ટુડન્ટ સિટીઝ રેન્કિંગ એવા પરિબળો પર સ્વતંત્ર ડેટા પ્રદાન કરે છે જે વિદ્યાર્થીના અભ્યાસના નિર્ણય સાથે સંબંધિત હોય છે.

(2) આ પરિબળોમાં યુનિવર્સિટીના ધોરણો, પોષણક્ષમતા, જીવનની ગુણવત્તા, તે ગંતવ્યમાં અભ્યાસ કરતા ભૂતકાળના વિદ્યાર્થીઓના મંતવ્યો વગેરેનો સમાવેશ થાય છે.

## શ્રી અલ્લુરી સીતારામ રાજુની કાંસાની પ્રતિમાનું અનાવરણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 4 જુલાઈ, 2022ના રોજ શ્રી અલ્લુરી સીતારામ રાજુની 125મી જન્મજયંતિ નિમિત્તે આંધ્રપ્રદેશના ભીમાવરમમાં તેમની કાંસાની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

- શ્રી અલ્લુરી સીતારામ રાજુની આ કાસ્યની પ્રતિમા 30 ફૂટ ઊંચી છે.
- 15 ટનની આ પ્રતિમા 3 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી છે.

### શ્રી અલ્લુરી સીતારામ રાજુ



શ્રી અલ્લુરી સીતારામ રાજુનો જન્મ 4 જુલાઈ, 1897 (કેટલાક સ્ત્રોત અનુસાર 1898)ના રોજ વર્તમાન આંધ્રપ્રદેશમાં થયો હતો.

- તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં સામેલ ભારતીય ક્રાંતિકારી હતા.
- તેમને પૂર્વઘાટ ક્ષેત્રમાં આદિવાસી સમુદાયોના હિતોની રક્ષા કરવા માટે અંગ્રેજો સામેની તેમની લડાઈ માટે યાદ કરવામાં આવે છે.
- તેઓ 18 વર્ષની ઉંમરે સંન્યાસી બન્યા અને તેમની તપસ્યા, જ્યોતિષ અને દવાના જ્ઞાન તથા જંગલી પ્રાણીઓને કાબુમાં રાખવાની તેમની ક્ષમતાને કારણે પહાડી આદિવાસી લોકોમાં એક રહસ્યમય આભા પ્રાપ્ત કરી હતી.
- ખૂબ જ નાની ઉંમરે તેઓ ગંજમ, વિશાખાપટ્ટનમ અને ગોદાવરીમાં પહાડી લોકોના અસંતોષને અંગ્રેજો સામે અત્યંત અસરકારક ગોરિલા પ્રતિકારતા પરિવર્તિત કર્યો હતો.
- વસાહતી શાસને આદિવાસીઓની પરંપરાગત પોડુ (સ્થળાંતર) ખેતીને જોખમમાં મુક્યું હતું કારણ કે સરકારે જંગલની જમીન સુરક્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓ **1882**ના મદ્રાસ ફોરેસ્ટ એક્ટ વિરુદ્ધ બ્રિટિશ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થયા હતા.
- આ અધિનિયમે આદિવાસીઓને તેમના જંગલોમાં રહેઠાણમાં મુક્ત અવર જવર અને તેમની પરંપરાગત ખેતી પોડુ પર પ્રતિબંધ મુક્યો હતો.
- અંગ્રેજો સામે વધતા જતા અસંતોષને કારણે **1922**માં 'રામ્પા વિદ્રોહ' (મન્યમ બળવો) શરૂ થયો હતો.
- જેમાં શ્રી અલ્લુરી સીતારામ રાજુએ નેતા તરીકે મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- તેમના પરાક્રમી કાર્યો માટે સ્થાનિક ગ્રામજનો દ્વારા તેમને 'મન્યમ વીરુડુ' (જંગલનો હીરો) હુલામણુ નામ આપ્યું હતું.
- વર્ષ **1924**માં શ્રી અલ્લુરી સીતારામ રાજુને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.
- તથા એક ઝાડ સાથે તેમને બાંધીને જાહેરમાં ગોળી મારવામાં આવી હતી અને સશસ્ત્ર બળવો અસરકારક રીતે સમાપ્ત કરવામાં આવ્યો હતો.

**નોંધ:** (1) વર્ષ 2022માં રિલીઝ થયેલી ફિલ્મ 'RRR' માં શ્રી કોમારામ ભીમ અને અલ્લુરી સીતારામ રાજુના જીવન પર આધારિત કાલ્પનિક વાર્તા દર્શાવવામાં આવી છે.

(2) આ ફિલ્મનું નિર્દેશન શ્રી એસ.એસ. રાજામૌલી દ્વારા કરવામાં આવ્યું છે.

(3) આ ફિલ્મમાં શ્રી રામ ચરણે શ્રી અલ્લુરી સીતારામ રાજુની ભૂમિકા ભજવી હતી.



**1.** તાજેતરમાં FATFના અધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કર્યા છે ?

(A) શ્રી એમ.એન કુમાર (B) શ્રી ટી.રાજા કુમાર

(C) શ્રી બી.રાજા કુમાર (D) શ્રી વી.ડી. કુમાર (B)

**2.** FATFનું પૂરું નામ શું છે ?

(A) Financial Action Task Force (B) Financial Action Task Forum

(C) Financial Activity Task Forum (D) Financial Activity Task Force (A)

**3.** 4 જુલાઈ, 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ડિજિટલ ઈન્ડિયા વીક 2022'નું ઉદ્‌ઘાટન કયા સ્થળેથી કર્યુ હતું ?

(A) મુંબઈ (B) હૈદરાબાદ (C) લખનૌ (D) ગાંધીનગર (D)

**4.** ડિજિટલ ઈન્ડિયા ભાશિની સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ડિજિટલ ઈન્ડિયા ભાશિની એ ભારતનું આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ (AI)ની આગેવાની હેઠળનું ભાષા અનુવાદ પ્લેટફોર્મ છે.
2. તેના દ્વારા જમીન સંબંધિત માહિતી વિવિધ ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 સાચું (B) ફક્ત 2 સાચું

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા (A)

**5.** 'ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમને વર્ષ 2015માં લોન્ચ કરવામાં આવ્યો હતો.

(B) આ કાર્યક્રમને ભારતનેટ, મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર જેવી ઘણી મહત્ત્વપૂર્ણ સરકારી યોજનાઓ માટે સક્ષમ કરવામાં આવ્યો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. તાજેતરમાં 'QS Best Student Cities Rankings 2023' પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ રેન્કિંગમાં કયા શહેરને ઉચ્ચ ક્રમાંકિત વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ શહેર તરીકે પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે ?

(A) ન્યુયોર્ક (B) લંડન (C) ટોક્યો (D) મેલબોર્ન **(B)**

7. તાજેતરમાં પ્રકાશિત થયેલા 'QS Best Students Cities Ranking 2023' અનુસાર ભારતમાં ઉચ્ચ ક્રમાંકિત વિદ્યાર્થીઓનું શહેર મુંબઈ છે. તેમને આ રેન્કિંગમાં કેટલામું સ્થાન મળ્યું છે ?

(A) 103મું (B) 108મું (C) 121મું (D) 124મું **(A)**

8. તાજેતરમાં શ્રી અલ્લુરી સીતારામ રાજુની કેટલામી જન્મજંયતિની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 75મી (B) 100મી (C) 125મી (D) 150મી **(C)**

9. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નેરન્દ્રભાઈ મોદીએ શ્રી અલ્લુરી સીતારામ રાજુની 125મી જન્મ જયંતિ નિમિત્તે કયા સ્થળે કાંસ્યની પ્રતિમાનું અનાવરણ કર્યું છે ?

(A) ભીમાવરમ, આંધ્રપ્રદેશ (B) ભીમાવરમ, કેરળ

(C) ભીમાવરમ, તમિલનાડુ (D) ભીમાવરમ, ઓડિશા **(A)**

10. શ્રી અલ્લુરી સીતારામ રાજુનું નામ નીચેના પૈકી કયા વિદ્રોહ સાથે સંકાળયેલ છે ?

(A) રામ્પા વિદ્રોહ (B) નાગપુર વિદ્રોહ

(C) 1857નો સંગ્રામ (D) મદ્રાસ વિદ્રોહ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# રાજ્યોની સ્ટાર્ટ-અપ રેન્કિંગ 2021

તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને સમર્થન આપવા પર રાજ્યોની રેન્કિંગની ત્રીજી આવૃત્તિના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.

## રાજ્યોનું સ્ટાર્ટઅપ રેન્કિંગ

ભારત સરકારની સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ નવીનતાને પ્રોત્સાહન આપવા અને ઉભરતા સાહસિકોને તકો પૂરી પાડવા માટે દેશમાં મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવવાની કલ્પના કરે છે.

- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના 'ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ' (DPIIT) 2018 થી રાજ્યોની સ્ટાર્ટઅપ રેન્કિંગ કવાયતનું આયોજન કરી રહ્યું છે.
- આ કવાયત દેશમાં સ્ટાર્ટઅપ્સ માટે વ્યવસાયિક વાતાવરણને સરળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## ઉદ્દેશ

- સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવેલી પ્રગતિને આગળ લાવવામાં મદદ કરવા.
- સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવા અને રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને સક્રિય રીતે કામ કરવા માટે પ્રોત્સાહિત કરવા.
- રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સારા અભ્યાસોની ઓળખ કરવી, શીખવા અને પુનરાવર્તન માટે સુવિધા પ્રદાન કરવી.

## વર્ગીકરણ

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 5 શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે :

(1) શ્રેષ્ઠ પ્રદર્શક (Best Performers)

(2) ટોચના પ્રદર્શક (Top Performers)

(3) નેતા (Leaders)

(4) આકાંક્ષી નેતા (Aspiring Leaders)

(5) ઉભરતી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ (Emerging Start-Up Ecosystems)

## રેન્કિંગ 2021 વિશે

સહભાગીઓનું મૂલ્યાંકન 7 વ્યાપક સુધારણા ક્ષેત્રોમાં કરવામાં આવ્યું હતું, જેમાં 26 એક્શન પોઈન્ટનો સમાવેશ થાય છે :

(1) સંસ્થાકીય આધાર

(2) નવીનતા અને સાહસિકતાને પ્રોત્સાહન આપવું

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) બજારમાં પ્રવેશ

(4) ઈન્ક્યુબેશન સપોર્ટ

(5) નાણાકીય સહાય

(6) સક્ષમકર્તાઓની ક્ષમતા નિર્માણ માટે માર્ગદર્શન સહાય

## પરિણામો

રાજ્યોની શ્રેણીમાં ગુજરાત અને કર્ણાટક શ્રેષ્ઠ પ્રદર્શન (Best Performers) કરનાર તરીકે ઉભરી આવ્યા છે.

- જેમાં કેન્દ્રશાસિત પ્રદેશો અને પૂર્વોત્તર રાજ્યોની શ્રેણીમાં મેઘાલય ટોચ પર છે.
- જ્યારે કેરળ, મહારાષ્ટ્ર, ઓડિશા અને તેલંગાણાએ સ્ટેટ કેટેગરીમાં ટોપ પર્ફોમર એવોર્ડ જીત્યો છે.
- તથા કેન્દ્રશાસિત પ્રદેશો અને પૂર્વોત્તર રાજ્યોની શ્રેણીમાં જમ્મુ કાશ્મીર ટોચનું પર્ફોમર તરીકે છે.
- આસામ, પંજાબ, તમિલનાડુ, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશ રાજ્યો 'નેતાઓની શ્રેણી'માં વિજેતા તરીકે ઉભરી આવ્યા હતા.
- તથા કેન્દ્રશાસિત પ્રદેશો અને પૂર્વોત્તર રાજ્યમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, અરૂણાચલ પ્રદેશ અને ગોવા 'નેતાઓની શ્રેણી'માં વિજેતા તરીકે ઉભરી આવ્યા હતા.
- આ વર્ષનું રેન્કિંગ 1 ઓક્ટોબર, 2019 થી જુલાઈ 2021ના સમયગાળાના આધારે આપવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## State Start-up Ranking 2021

| ક્રમ | વર્ગીકરણ ગ્રુપ | કેટેગરી-A | કેટેગરી-B |
|---|---|---|---|
| 1 | બેસ્ટ પર્ફોમન્સ | ગુજરાત, કર્ણાટક | મેઘાલય |
| 2 | ટોપ પર્ફોમન્સ | કેરળ, મહારાષ્ટ્ર, ઓડિશા, તેલંગાણા | જમ્મુ અને કાશ્મીર |
| 3 | લિડર્સ | આસામ, પંજાબ, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ | અરૂણાચલ પ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુ, ગોવા |
| 4 | આકાંક્ષી નેતા (Aspiring Leaders) | દિલ્હી, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન | ચંદીગઢ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, હિમાચલપ્રદેશ, મણિપુર, નાગાલેન્ડ, પુડુચેરી, ત્રિપુરા |
| 5 | ઉભરતી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ | આંધ્રપ્રદેશ, બિહાર | લદ્દાખ, મિઝોરમ |

**નોંધ :** ગુજરાતને સતત ત્રીજા વર્ષે બેસ્ટ પર્ફોમર તરીકે માન્યતા આપવામાં આવી છે.

## સ્ક્વોડ્રન INAS 324

તાજેતરમાં ભારતીય નૌકાદળે પૂર્વીય નૌકા કમાન્ડમાં નવી ભારતીય નૌકાદળ એર સ્ક્વોડ્રન 324 કમિશન કરી છે.

- તે પૂર્વીય દરિયા કિનારે દેખરેખની ક્ષમતાને વધારશે.

### સ્ક્વોડ્રન INS 324



આ યુનિટ સ્વદેશી રીતે ડિઝાઈન કરેલ અને ઉત્પદિત એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર (ALH) MK III (MR)નો ઉપયોગ કરનાર પૂર્વીય સમુદ્ર તટની પ્રથમ નૌસેના સ્ક્વોડ્રન છે.

- તેનું નામ 'KESTRELS' રાખવામાં આવ્યું છે, જેનો અર્થ થાય છે શિકારનું પક્ષી અને તે સારી સંવેદના ક્ષમતા ધરાવે છે, જે સ્કવોડ્રનની અભિન્ન મેરીટાઈમ રિકોનિસન્સ (MR) તથા શોધ અને બચાવ (SAR) ભૂમિકાનું પ્રતિનિધિત્વ કરે છે.

નોંધ : એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર (ALH) એ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા વિકસિત અને ઉત્પાદિત છે.

## શ્રી પરમેશ્વરન અચ્યર નીતિ આયોગના નવા CEO



તાજેતરમાં નિવૃત્ત IAS અધિકારી શ્રી પરમેશ્વરન અય્યરને કેન્દ્ર સરકાર દ્વારા નીતિ આયોગના નવા CEO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેમણે શ્રી અમિતાભ કાંતનું સ્થાન લીધું છે.
- શ્રી પરમેશ્વરન અય્યર યુપી કેડરના 1981 બેચના IAS અધિકારી છે.
- તેઓ નીતિ આયોગના ત્રીજા CEO તરીકે સેવા આપશે.
- શ્રી અમિતાભ કાંતનો કાર્યકાળ 30 જૂનના રોજ પૂરો થયો હતો.

### શ્રી પરમેશ્વરન અચ્યર

શ્રી પરમેશ્વરન અય્યરનો જન્મ 16 એપ્રિલ, 1959ના રોજ શ્રીનગરમાં થયો હતો.

- તેમના પિતા ભારતીય વાયુસેનાના અધિકારી હતા.
- વર્ષ 1981માં તેઓ સિવિલ સર્વિસમાં જોડાયા હતા.

- તથા વર્ષ 2009માં તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી અને વિશ્વ બેંકમાં પાણી અને સ્વચ્છતા પહેલમાં જોડાયા હતા.
- સ્વચ્છ ભારત મિશનના અમલીકરણ માટે વર્ષ 2016માં ભારત સરકાર દ્વારા તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- વર્ષ 2020માં તેમણે રાજીનામુ આપ્યું અને વિશ્વબેંકમાં જોડાવા માટે ફરીથી યુ.એસ પરત ફર્યા હતા.

## નીતિ આયોગ

નીતિ આયોગમાં NITIનું પૂરું નામ 'National Institution for Transforming India' છે.

- 1 જાન્યુઆરી, 2015 થી સરકાર દ્વારા આયોજન પંચના સ્થાને નીતિ આયોગની શરૂઆત કરવામાં આવી હતી.
- આયોજન પંચની રચના 15 માર્ચ, 1950ના રોજ કરવામાં આવી હતી.
- નીતિ આયોગ બંધારણીય કે વૈધાનિક (Statutory) સંસ્થા નથી, પરંતુ કેન્દ્રીય મંત્રી મંડળના આદેશ દ્વારા નિર્મિત એક ગેરબંધારણીય કારોબારી સંસ્થા છે.
- નીતિ આયોગ એ ભારત સરકારની 'થિંક ટેંક' (Think Tank) છે.
- જે નીતિગત અને દિશાસૂચક એમ બંને પ્રકારના કાર્યો કરે છે.

## નીતિ આયોગનું માળખું

- અધ્યક્ષ : વડાપ્રધાન (હોદ્દાની રૂએ)
- ઉપાધ્યક્ષ : વડાપ્રધાન દ્વારા નિયુક્ત કરવામાં આવશે
- CEO : નિશ્ચિત કાર્યકાળ માટે વડાપ્રધાન દ્વારા નિમણૂક, ભારત સરકારના સચિવ સમકક્ષ હોદો
- ગવર્નિંગ કાઉન્સિલ : તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો
- પ્રાદેશિક પરિષદ : વડાપ્રધાન અથવા તેમના દ્વારા નામાંકિત વ્યક્તિ ચોક્કસ પ્રાદેશિક મુદ્દાઓને સંબોધવા માટે મુખ્યમંત્રીઓ અને લેફ્ટન્ટ ગવર્નરોની બેઠકની અધ્યક્ષતા કરે છે.
- એડ–હોક સભ્યપદ : અગ્રણી સંશોધન સંથાઓમાંથી રોટેશનલ પર 2 હોદ્દેદાર સભ્યો.
- પૂર્વ– અધિકારી સભ્યો : વડાપ્રધાન શ્રી દ્વારા નોમિમેટ કરાયેલ કેન્દ્રીય મંત્રીપરિષદના વધુમાં વધુ ચાર સભ્યો.
- ખાસ આમંત્રિત સભ્યો : વડાપ્રધાનશ્રી દ્વારા નામાંકિત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો

## નીતિ આયોગના બે મુખ્ય કેન્દ્રો

- ટીમ ઈન્ડિયા હબ : રાજ્યો અને કેન્દ્ર વચ્ચે ઈન્ટરફેસ તરીકે કાર્ય કરે છે.
- નોલેજ અને ઈનોવેશન હબ : નીતિ આયોગની થિંક–ટેંકની જેમ કામ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નીતિ આયોગના ઉદ્દેશ્યો

- મજબૂત રાજ્યો મજબૂત રાષ્ટ્રો બનાવે છે તથા દેશના વિકાસમાં રાજ્યનો ફાળો મહત્ત્વનો છે. આથી દેશના કોઈપણ નીતિગત કાર્યોમાં રાજ્યોની સક્રિય ભાગીદારી આવશ્યક છે. રાજ્યોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનું કાર્ય નીતિ આયોગ કરે છે. રાજ્યોની ભાગીદારી એ સહકારી સંઘવાદની ભાવનાને પરિપૂર્ણ કરે છે.
- ગ્રામ્ય સ્તરે યોજનાઓના અસરકારક અમલીકરણ માટે યોગ્ય પ્રક્રિયાઓનો વિકાસ કરવો અને તેનું મૂલ્યાંકન કરવું.
- સમાજના એવા વર્ગો પર વિશેષ ધ્યાન આપવું કે જેમને આર્થિક પ્રગતિનો પૂરતો લાભ મળતો નથી.
- મુખ્ય હિસ્સેદારો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય થિંક ટેન્ક જેમ કે શૈક્ષણિક અને નીતિ સંશોધન સંસ્થાઓ વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહિત કરવું.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, પ્રેક્ટિશનરો અને અન્ય ભાગીદારો સાથે મળીને જ્ઞાન, નવીનતા અને સાહસિકતા સહાયક પ્રણાલીઓનું નિર્માણ કરવું.
- વિકાસ એજન્ડાના અમલીકરણને ઝડપી બનાવવા માટે આંતર–ક્ષેત્રિય અને આંતર–વિભાગીય મુદ્દાઓના નિરાકરણ માટે પ્લેટફોર્મ પૂરું પાડવું.
- સરકાર દ્વારા બનાવવામાં આવતી કોઈપણ આર્થિક નીતિ કે અન્ય બાબતોમાં રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## નીતિ આયોગ અને આયોજન પંચ

| નીતિ આયોગ | આયોજન પંચ |
|---|---|
| (1) સ્થાપના : 1 જાન્યુઆરી, 2015 (આયોજન પંચના સ્થાને) | (1) સ્થાપના : 15 માર્ચ, 1950 |
| (2) તે સલાહકાર 'થિંક ટેંક' તરીકે કામ કરે છે. | (2) તે બંધારણીય સંસ્થા તરીકે કામ કરતી હતી, જ્યારે તેને આવો દરજ્જો મળ્યો ન હતો. |
| (3) તે સભ્યોની વ્યાપક કુશળતા પર ભાર મુકે છે. | (3) તેની પાસે મર્યાદિત કુશળતા હતી. |
| (4) તે સહકારી સંઘવાદની ભાવના પર કામ કરે છે કારણ કે તે રાજ્યોની સમાન ભાગીદારીની ખાતરી કરે છે. | (4) તેની વાર્ષિક આયોજન બેઠકોમાં રાજ્યોની ભાગીદારી ઘણી ઓછી હતી. |
| (5) વડાપ્રધાન દ્વારા નિયુક્ત કરાયેલા સચિવોને CEO તરીકે ઓળખવામાં આવે છે. | (5) સામાન્ય પ્રક્રિયા દ્વારા CEOની નિમણૂક કરવામાં આવતી હતી. |
| (6) તે બોટમ–અપ એપ્રોચ પર કામ કરે છે. | (6) તે ટોપ ડાઉન એપ્રોચ પર કામ કરે છે. |
| (7) તેની પાસે નીતિઓ લાગુ કરવાની સત્તા નથી | (7) તે રાજ્યો માટે નીતિઓ ઘડી અને મંજૂર પ્રોજેક્ટ માટે ભંડોળ ફાળવતું હતું. |
| (8) તેની પાસે નાણા ફાળવવાની સત્તા નથી, જે નાણામંત્રીમાં નિહિત છે. | (8) તેની પાસે મંત્રાલયો અને રાજ્ય સરકારોને ભંડોળ ફાળવવાની સત્તા હતી. |

**નોંધ:** (1) નીતિ આયોગના પ્રથમ CEO શ્રી સિંધુ શ્રી ખુલ્લર હતા. ત્યારબાદ શ્રી અમિતાભ કાન્તે CEO તરીકે 2016 થી 2022 સુધી સેવા આપી હતી.

(2) નીતિ આયોગના અધ્યક્ષ હોદાનીરૂ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. તથા વર્તમાન ઉપાધ્યક્ષ શ્રી સુમન બેરી છે.



1. તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને સમર્થન આપવા પર રાજ્યોની રેન્કિંગની ત્રીજી આવૃત્તિના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. રાજ્યોની શ્રેણીમાં ગુજરાત અને કર્ણાટક શ્રેષ્ઠ પ્રદર્શક અથવા Best Performers કરનાર તરીકે ઉભરી આવ્યા છે.
   2. કેરળ, મહારાષ્ટ્ર, ઓડિશા અને તેલંગાણાએ સ્ટેટ કેટેગરીમાં Top Performers એવોર્ડ જીત્યો છે.
   3. આસામ રાજ્યએ ઉભરતી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ કેટેગરીમાં એવોર્ડ જીત્યો છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ સ્ક્વોડ્રન INAS 324 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. તાજેતરમાં ભારતીય નૌકાદળે પૂર્વીય નૌકા કમાન્ડમાં નવી ભારતીય નૌકાદળ એર સ્ક્વોડ્રન 324 કમિશન કરી છે.
   2. તે પૂર્વીય દરિયા કિનારે દેખરેખની ક્ષમતાને વધારશે.
   3. તે એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર (ALH) MK III (MR)નો ઉપયોગ કરનાર પૂર્વીય સમુદ્ર તટની પ્રથમ નૌસેના સ્ક્વોડ્રન છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

3. તાજેતરમાં નીતિ આયોગના નવા CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

   (A) શ્રી પરમેશ્વરન અય્યર (B) શ્રી રાજીવ મહેતા
   (C) શ્રી મુરેશ્વર અય્યર (D) શ્રી રાજીવ શુક્લા **(A)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'નીતિ આયોગ' (NITI Ayog) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. નીતિ આયોગમાં NITIનું પૂરું નામ 'National Institution for Transformnig India' છે.
   2. 1 જાન્યુઆરી, 2015થી સરકાર દ્વારા આયોજન પંચના સ્થાને નીતિ આયોગની શરૂઆત કરવામાં આવી હતી.
   3. નીતિ આયોગ એ ભારત સરકારની 'Think Tank' છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 અને 3 (B) 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 2 ને 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 07 જુલાઈ, વિશ્વ ચોકલેટ દિવસ (World Chocolate Day)

## NFSA માટે સ્ટેટ રેન્કિંગ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો




નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ (NFSA) માટે રાજ્ય રેન્કિંગ ઈન્ડેક્સની પ્રથમ આવૃત્તિ તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવી હતી.

- આ ઈન્ડેક્સમાં ઓડિશા ભારતમાં નંબર વન રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે.
- ઓડિશાને 0.836નો ઈન્ડેક્સ સ્કોર મળ્યો છે.
- લાભોના વિતરણને શ્રેષ્ઠ બનાવવા માટે રાજ્યોમાં સ્થિતિસ્થાપક ખાદ્ય પ્રણાલી લાવવા માટે ઓડિશા પ્રથમ ક્રમે હતું.
- કેન્દ્રીય ખાદ્યમંત્રી શ્રી પીયૂષ ગોયલે ખાદ્ય મંત્રીઓની ખાદ્ય અને પોષણ સુરક્ષા પરિષદ દરમિયાન આ જાહેરાત કરી હતી.

### ઈન્ડેક્સ વિશે

આ ઈન્ડેક્સ રાજ્યો સાથે પરામર્શ કરીને સમગ્ર દેશમાં NFSAના અમલીકરણ અને વિવિધ સુધારા પહેલની સ્થિતિ અને પ્રગતિનું દસ્તાવેજીકરણ કરવા માંગે છે.

- તે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારાને પ્રકાશિત કરે છે. અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા ક્રોસ–લર્નિંગ વાતાવરણ અને સ્કેલ–અપ સુધારાના પગલાં બનાવે છે.
- વર્તમાન સૂચકાંક મોટાભાગે NFSA વિતરણ પર કેન્દ્રિત છે અને તેમાં ભાવિ પ્રાપ્તિ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) વિતરણનો સમાવેશ થશે.
- રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ક્રમ આપવા માટે મૂલ્યાંકન માળખુ ત્રણ મહત્ત્વપૂર્ણ સ્તંભો પર તૈયાર કરવામાં આવ્યું છે.
- આ સ્તંભો લક્ષિત જાહેર વિતરણ પ્રણાલી (TPDS) દ્વારા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA)ના એકંદર અમલીકરણ કરવામાં સામેલ છે.
- તેના ત્રણ સ્તંભો આ મુજબ છે :

(1) કવરેજ, લક્ષ્યાંક અને કાયદાની જોગવાઈઓ

(2) વિતરણ પ્લેટફોર્મ અને

(3) પોષણ પહેલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# રાજ્ય રેન્કિંગ 2022

## સામાન્ય શ્રેણીના ટોપ 5 રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો

| રેન્ક | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | ઈન્ડેક્સ સ્કોર |
|---|---|---|
| 1 | ઓડિશા | 0.836 |
| 2 | ઉત્તરપ્રદેશ | 0.797 |
| 3 | આંધ્રપ્રદેશ | 0.794 |
| 4 | ગુજરાત | 0.790 |
| 5 | દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ | 0.787 |

**નોંધ :** દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશને બંને શ્રેણી હેઠળ આવરી લેવામાં આવ્યા છે– DBT શ્રેણી હેઠળના શહેરી વિસ્તારો માટે અને બિન DBT શ્રેણી હેઠળના અન્ય વિસ્તારો માટે.

## વિશેષ શ્રેણી (ઉત્તર-પૂર્વીય રાજ્યો, હિમાલયન રાજ્યો અને ટાપુ પ્રદેશો)ના ટોપ પાંચ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો

| રેન્ક | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | ઈન્ડેક્સ સ્કોર |
|---|---|---|
| 1 | ત્રિપુરા | 0.788 |
| 2 | હિમાચલ પ્રદેશ | 0.758 |
| 3 | સિક્કિમ | 0.710 |
| 4 | નાગાલેન્ડ | 0.648 |
| 5 | ઉત્તરાખંડ | 0.637 |

## DBT(કેશ ટ્રાન્સફર) મોડમાં સંચાલિત કેન્દ્રશાસિત પ્રદેશો

| રેન્ક | કેન્દ્રશાસિત પ્રદેશ | ઈન્ડેક્સ સ્કોર |
|---|---|---|
| 1 | દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ | 0.802 |
| 2 | પુડુચેરી | 0.709 |
| 3 | ચંદીગઢ | 0.680 |

**નોંધ:** (1) રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) 10 સપ્ટેમ્બર, 2013ના રોજ અધિસૂચિત કરવામાં આવ્યો હતો.

(2) તેનો ઉદ્દેશ્ય લોકોને સન્માનજનક જીવન જીવવા માટે પોષણક્ષમ ભાવે સારી ગુણવત્તાયુક્ત અનાજનો જથ્થો પૂરો પાડીને ખોરાક અને પોષણ સુરક્ષા પ્રદાન કરવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# CBSEએ પરીક્ષા સંગમ પોર્ટલ કર્યુ

3 જુલાઈ, 2022ના રોજ CBSEએ 'પરીક્ષા સંગમ' પોર્ટલ શરૂ કર્યું છે.

## પરીક્ષા સંગમ પોર્ટલ

પરીક્ષા સંગમ પોર્ટલ વિદ્યાર્થીઓ માટે શાળા, પ્રાદેશિક કચેરીઓ અને CBSEના મુખ્યાલય દ્વારા જારી કરવામાં આવતી તમામ પ્રકારની માહિતી આ પોર્ટલમાં એક જ જગ્યાએ ઉપલબ્ધ થશે.

- આ પોર્ટલ પરીક્ષા સંબંધિત પ્રક્રિયાઓને એકીકૃત કરશે, જે શાળાઓની પ્રાદેશિક કચેરીઓ અને CBSE બોર્ડના મુખ્યાલય દ્વારા હાથ ધરવામાં આવશે.
- આ પોર્ટલ વિદ્યાર્થીઓને ધોરણ 10 અને ધોરણ 12ના બોર્ડના પરિણામો સરળતાથી તપાસવામાં મદદ કરશે.
- તે CBSE બોર્ડ પરીક્ષાઓને લગતી તમામ પ્રવૃત્તિઓ માટે વન–સ્ટોપ પોર્ટલ છે.

## પોર્ટલના ત્રણ વિભાગો

પરીક્ષા સંગમ પોર્ટલ ત્રણ મુખ્ય વિભાગોમાં વર્ગીકૃત થયેલ છે :

(1) શાળા (ગંગા)

(2) પ્રાદેશિક કાર્યાલય (યમુના)

(3) મુખ્યાલય (સરસ્વતી)

## શાળા ગંગા વિભાગ

ગંગા વિભાગ હેઠળ વિદ્યાર્થીઓ અને અન્ય હિસ્સેદારો પરીક્ષા સંદર્ભ સામગ્રી, પૂર્વ પરીક્ષા અને પરીક્ષા પ્રવૃત્તિઓ, પરીક્ષા પછીની પ્રવૃત્તિઓ, શાળા ડિજીલોકર, સંદેશાવ્યવહાર તેમજ એક સંકલિત ચૂકવણી સિસ્ટમ વિશે માહિતી મેળવી શકે છે.

## પ્રાદેશિક કાર્યાલય (યમુના) વિભાગ

યમુના વિભાગ હેઠળ વિદ્યાર્થીઓ આદેશ, ઈ–સંદેશ, નિયંત્રણ, શાળાઓના ઐતિહાસિક ભંડાર અને ટર્મ વન ડેટા મેનેજમેન્ટ માટે સંકલિત ચુકવણી મોનિટરિંગ માટે આરઓ ડેશબોર્ડ વિશે માહિતી મેળવી શકે છે.

## મુખ્યાલય (સરસ્વતી) વિભાગ

સરસ્વતી વિભાગ હેઠળ વિદ્યાર્થીઓ પરીક્ષા સંદર્ભ સામગ્રી, પરીક્ષા પહેલાની તારીખો, પરીક્ષા પછીના ડેટા, CMTM, કેન્દ્રિય LOC કરેક્શન વગેરે સંબંધિત માહિતી મેળવી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CBSE

CBSEનું પૂરું નામ 'સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન' (કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ) છે.

- CBSEની સ્થાપના 3 નવેમ્બર, 1962ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક 'શિક્ષા કેન્દ્ર' નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેનું આદર્શ વાક્ય 'અસતો મા સદ્ગમય' છે.
- CBSEની વેબસાઈટનું નામ www.cbse.nic.in છે.
- CBSE દ્વારા હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવામાં આવે છે.
- CBSE ભારતના શાળાકીય શિક્ષણનું મુખ્ય બોર્ડ છે.
- CBSEના વર્તમાન (જુલાઈ 2022ની સ્થિતિએ) અધ્યક્ષ સુશ્રી નિધિ છિબ્બર છે.

નોંધ: (1) ભારતમાં સૌપ્રથમ 1921માં 'ઉત્તરપ્રદેશ બોર્ડ ઓફ હાઈસ્કૂલ એન્ડ ઈન્ટરમીડિયા એજ્યુકેશન બોર્ડ'ની સ્થાપના કરવામાં આવી હતી. ભારતમાં સ્થપાયેલું આ પ્રથમ શિક્ષણ બોર્ડ હતું. રાજપૂતાના, મધ્યભારત અને ગ્વાલિયર તેના અધિકાર ક્ષેત્રમાં આવતા હતા.

(2) ત્યારબાદ ભારતના તમામ ક્ષેત્રો માટે ઈ.સ. 1929માં એક સંયુક્ત બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. તેને 'બોર્ડ ઓફ હાઈસ્કૂલ એન્ડ ઈન્ટરમીડિયેટ એજ્યુકેશન રાજપૂતાના' નામ આપવામાં આવ્યું હતું.

(3) ત્યારબાદ ઈ.સ. 1952માં રાજપૂતાના બોર્ડના ક્ષેત્રોમાં વધારો કરીને તેને વર્તમાન નામ CBSE આપવામાં આવ્યું.

(4) અને અંતે 3 નવેમ્બર, 1962ના રોજ CBSEનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CBSE દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ

CBSE દ્વારા ધોરણ 1 થી 12 સુધીનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે છે. અને તેના દ્વારા નીચેની પરીક્ષાઓ લેવામાં આવે છે :

(1) ધોરણ 10 માટે AISSE (ઓલ ઈન્ડિયા સેકન્ડરી સ્કૂલ એક્ઝામ્સ)

(2) ધોરણ 12 માટે AISSCE (ઓલ ઈન્ડિયા સિનિયર સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામ્સ)

(3) એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે AIEEE (ઓઈ ઈન્ડિયા એન્જિનિયરિંગ એન્ટ્રસ એક્ઝામ્સ). તેને JEE-Main તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) મેડિકલમાં પ્રવેશ માટે AIPMT (ઓલ ઈન્ડિયા પ્રી–મેડિકલ ટેસ્ટ)

નોંધ : ઉપરોક્ત એક્ઝામ ઉપરાંત CBSE ઘણી એન્ટ્રસ ટેસ્ટ અને અન્ય પરીક્ષાનું પણ આયોજન કરે છે.

1. 'વિશ્વ ચોકલેટ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 જુલાઈ (B) 6 જુલાઈ (C) 7 જુલાઈ (D) 8 જુલાઈ (C)

2. તાજેતરમાં 'નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ' (NFSA) માટે રાજ્ય રેન્કિંગ ઈન્ડેક્સની પ્રથમ આવૃત્તિ કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવી હતી. આ ઈન્ડેક્સમાં સામાન્ય શ્રેણીની કેટેગરીમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) ઓડિશા (B) ગુજરાત (C) પંજાબ (D) હરિયાણા (A)

3. તાજેતરમાં CBSEએ 'પરીક્ષા સંગમ' પોર્ટલ લોન્ચ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પરીક્ષા સંગમ પોર્ટલ વિદ્યાર્થીઓ માટે શાળા, પ્રાદેશિક કચેરીઓ અને CBSEના મુખ્યાલય દ્વારા જારી કરવામાં આવતી તમામ પ્રકારની માહિતી આ પોર્ટલમાં એક જ જગ્યાએ ઉપલબ્ધ થશે.
2. આ પોર્ટલ પરીક્ષા સંબંધિત પ્રક્રિયાઓને એકીકૃત કરશે, જે શાળાઓની પ્રાદેશિક કચેરીઓ અને CBSE બોર્ડના મુખ્યાલય દ્વારા હાથ ધરવામાં આવશે.
3. તે CBSE બોર્ડ પરીક્ષાઓની લગતી તમામ પ્રવૃત્તિઓ માટે વન–સ્ટોપ પોર્ટલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. CBSE બોર્ડનું પૂરું નામ જણાવો ?

(A) Central Board for Secondary Education

(B) Central Board of Secondary Examination

(C) Central Board of Secondary Education

(D) Central Board for Secondary Examination (C)

5. CBSEનું આદર્શ (ધ્યેય) વાક્ય શું છે ?

(A) અસતો મા સદ્‌ગમય (B) શ્રદ્ધાવન લભતે જ્ઞાનમ

(C) સર્વત્ર વિદ્યા વર્ધતે પ્રજા (D) સા વિદ્યા વિમુક્તયે (A)

## ફિલ્ડ મેડલ 2022 (Fields Medal 2022)



તાજેતરમાં 'ઈન્ટરનેશનલ મેથેમેટિકલ યુનિયન' (IMU)એ 2022 ફિલ્ડ મેડલ વિજેતાઓની જાહેરાત કરી હતી.

- જેમાં યુક્રેયિન ગણિતશાસ્ત્રી સુશ્રી મેરીના વ્યાઝોવસ્કા અને અન્ય ત્રણ ગણિતશાસ્ત્રીઓને ફિલ્ડ મેડલ મળ્યો હતો.
- અન્ય ત્રણ વિજેતાઓમાં શ્રી જેમ્સ મેનાર્ડ, શ્રી જુન હુહ અને શ્રી હ્યુગો ડુમિનિયલ–કોપિનનો સમાવેશ થાય છે.

### સુશ્રી મેરીના વ્યાઝોવસ્કા



તેઓ યુક્રેનિયન ગણિતશાસ્ત્રી છે, જે ગોળાના પેકિંગમાં તેમના કામ માટે જાણીતા છે.

- તેઓ હાલમાં સ્વિત્ઝર્લેન્ડમાં કોલ પોલિટેકનિક ફેડરલ ડી લોસનેના ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેથેમેટિક્સ નંબર થિયરીના અધ્યક્ષ અને પ્રોફેસર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી જેમ્સ મેનાર્ડ



તેઓ ઓક્સફોર્ડ યુનિવર્સિટી યુકેના નંબર થિયરીસ્ટ છે.

- તેઓ 'અવિભાજ્ય સંખ્યાઓની જગ્યા' પર તેમના તારણો માટે પ્રખ્યાત છે.

### શ્રી જુન હુહ



તેઓ પ્રિન્સ્ટન યુનિવર્સિટી ન્યુ જર્સીના સંયોજનશાસ્ત્રમાં નિષ્ણાત છે.

- તેઓએ ભૌમિતિક સંયોજનોના ક્ષેત્રને બદલ્યુ છે.

## શ્રી હ્યુગો ડુમિનિલ-કોપિન



તેઓ ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી છે અને સંભાવના સિદ્ધાંતમાં નિષ્ણાત છે.

- તેમનું કાર્ય આંકડાકીય ભૌતિકશાસ્ત્રના ગાણિતિક ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રીત કરે છે.


## ફિલ્ડ મેડલ

ફિલ્ડ મેડલને ગણિતમાં નોબેલ પુરસ્કાર તરીકે વર્ણાવવામાં આવે છે.

- 40 વર્ષથી ઓછી ઉંમરના એક અથવા વધુ ગણિતશાસ્ત્રીઓને દર ચાર વર્ષે ફિલ્ડ મેડલ એનાયત કરવામાં આવે છે.
- ફિલ્ડ મેડલ ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ધ ઈન્ટરનેશનલ મેથેમેટિકલ યુનિયન (IMU)માં એનાયત કરવામાં આવે છે, જે દર ચાર વર્ષે યોજાય છે.
- આ મેડલ ઉત્કૃષ્ટ ગાણિતિક સિદ્ધિ અને ભવિષ્યની સિદ્ધિઓના વચન માટે આપવામાં આવે છે.
- નોંધનીય છે કે IMU એ આંતરરાષ્ટ્રીય બિન–સરકારી અને બિનલાભાકારી વૈજ્ઞાનિક સંસ્થા છે. તેમનો ઉદ્દેશ ગણિતના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Modi@20 : Dreams Meet Delivery




5 જુલાઈ, 2022ના રોજ 'મોદી એટ ટ્વેન્ટી : ડ્રીમ્સ મીટ ડિલવરી' (Modi@20 : Dreams Meet Delivery) પુસ્તક પર એક વિશેષ ચર્ચા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ પુસ્તક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનચરિત્ર પર નથી, પરંતુ એક અસાધારણ પુસ્તક છે.
- જે વર્તમાન કેબિનેટમાં મંત્રીઓ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને અનેક ક્ષેત્રના લોકો દ્વારા સંયુક્ત રીતે લખવામાં આવ્યું છે.
- ડ્રીમ્સ મીટ ડિલિવરી પુસ્તક બ્લુક્રાફ્ટ ડિજિટલ ફાઉન્ડેશન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે અને રૂપા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.
- તે શ્રી અમિતભાઈ શાહ, વિદેશ મંત્રી શ્રી એસ.જયશંકર, શ્રી અજીત ડોભાલ, ઈન્ફોસિસના શ્રી નંદન નિલેકણી અને સુશ્રી સુધા મૂર્તિ તથા સુશ્રી પીવી સિંધુ સહિતની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા લખાયેલા 21 લેખોનું સંકલન છે.

## નૈરોબી માખી (Nairobi Flies)

તાજેતરમાં પૂર્વ સિક્કિમના માજિતર વિસ્તારમાં મણિપાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (SMIT)ના 100 વિદ્યાર્થીઓમાં ત્વચા ચેપ નોંધાયો છે.

- તેઓ નૈરોબી માખીના સંપર્કમાં આવ્યા બાદ આ ચેપ લાગ્યો હતો.

### નૈરોબી માખી



તે પૂર્વ આફ્રિકાની સ્થાનિક જંતુ પ્રજાતિ છે.

- નૈરોબી માખીને કેન્યા ફ્લાઈસ અથવા ડ્રેગન બગ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે બે જાતિના નાના ભમરા જેવા જીવાત છે :
  (1) પેડરસ એક્ઝિમિયસ
  (2) પેડરસ સેબિયસ
- તાજેતરમાં સિક્કિમમાં જે જોવા મળે છે તે નારંગી અને કાળા રંગના છે તથા વધુ વરસાદીવાળા વિસ્તારમાં જોવા મળે છે.
- મોટાભાગના જંતુઓની જેમ તે પણ તેજસ્વી પ્રકાશ તરફ આકર્ષાય છે.
- કેન્યા અને પૂર્વ આફ્રિકાના અન્ય ભાગોમાં વધુ પ્રકોપ જોવા મળ્યો છે.
- વર્ષ 1998માં અસામાન્ય રીતે ભારે વરસાદના કારણે આ વિસ્તારમાં મોટી સંખ્યામાં જીવાત જોવા મળી હતી.




**1.** તાજેતરમાં 'ઈન્ટરનેશનલ મેથેમેટિકલ યુનિયન' (IMU)એ 2022 'ફિલ્ડ મેડલ' (Fields Medal 2022)ની જાહેરાત કરી હતી. આ મેડલ વિજેતામાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

1. સુશ્રી મેરીના વ્યાઝોવસ્કા
2. શ્રી જેમ્સ મેનાર્ડ
3. શ્રી જુન હુહ
4. શ્રી હ્યુગો ડુમિનિયલ–કોપિન

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 — **(D)**

**2.** ફિલ્ડ મેડલ 2022 વિજેતા સુશ્રી મેરીના વ્યાઝોવસ્કા કયા દેશના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી છે ?

(A) યુક્રેન (B) જાપાન (C) થાઈલેન્ડ (D) કેન્યા — **(A)**

**3.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ફિલ્ડ મેડલ' (Fields Medal) કયા ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ સિદ્ધિ બદલ IMU દ્વારા આપવામાં આવે છે ?

(A) ગણિત (B) રસાયણ વિજ્ઞાન (C) અવકાશ વિજ્ઞાન (D) પત્રકારત્વ — **(A)**

**4.** તાજેતરમાં ચર્ચામાં રહેલ Modi@20 : Dreams Meet Delivery શું છે ?

(A) ભારત અને જાપાન વચ્ચેનો ડિજિટલ ક્ષેત્રનો કરાર

(B) ભારત અને પાડોશી દેશ વચ્ચે સહકાર કાર્યક્રમ

(C) ડિજિટલ ભારત અભિયાનના વિસ્તરણ માટેનો કાર્યક્રમ

(D) વર્તમાન કેબિનેટ મંત્રીઓ, NSA અને અનેક લોકો દ્વારા સંયુક્ત રીતે લખવામાં આવેલ પુસ્તક — **(D)**

**5.** તાજેતરમાં પૂર્વ સિક્કિમના માજિતર વિસ્તારમાં SMITના વિદ્યાર્થીઓમાં ત્વચાનો ચેપ નોંધાયો હતો. તેઓ કઈ માખીના સંપર્કમાં આવ્યા બાદ આ ચેપ લાગ્યો હતો ?

(A) બામાકો (B) નૈરોબી (C) કુમારત (D) ત્રિપોલી — **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જાપાનના પૂર્વ વડાપ્રધાન શ્રી શિન્ઝો આબેનું નિધન



8 જુલાઈ, 2022ના રોજ જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી શિન્ઝો આબેનું 67 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી શિન્ઝો આબેને જાપાનના નારા શહેરમાં એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે હુમલાખોરે ગોળી મારી હત્યા કરી હતી.
- આ ઘટના બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને 9 જુલાઈ, 2022ના રોજ રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી હતી.

### શ્રી શિન્ઝો આબે

શ્રી શિન્ઝો આબેનો જન્મ 21 સપ્ટેમ્બર, 1954ના રોજ જાપાનમાં ટોક્યોના શિંજુકુમાં એક અગ્રણી રાજકીય પરિવારમાં થયો હતો.

- તેઓ લિબરલ ડેમોક્રેટિક પાર્ટી સાથે સંકળાયેલ હતા.
- તેમના પિતાનું નામ શિન્તારે આબે હતું.
- તેમના પિતા શ્રી શિન્તારે આબેએ જાપાનની પ્રતિનિધિ સભામાં કેબિનેટ સચિવ, આંતરરાષ્ટ્રીય વેપાર અને ઉદ્યોગ મંત્રી તથા વિદેશ મંત્રી તરીકે સેવા આપી હતી.
- શ્રી શિન્ઝો આબે જાપાનના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન તરીકે સેવા આપનાર વડાપ્રધાન હતા.
- નોંધનીય છે કે શ્રી શિન્ઝો આબેના દાદા શ્રી નોબુસુકે કીશેએ પણ 1957 થી 1960 સુધી વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.

### શ્રી શિન્ઝો આબેની રાજકીય કારકિર્દી

તેમણે શરૂઆતમાં સેક્રેટરી જનરલ અને સચિવ સહિત અનેક સરકારી હોદ્દા સંભાળ્યા હતા.

- તેમણે તેમના પિતા માટે સેક્રેટરી તરીકે કામ કર્યુ હતું. જેમણે 1980ના દાયકામાં 81 દેશોની મુલાકાત લીધી હતી.
- આ પ્રવાસોએ શ્રી શિન્ઝો આબેને વિદેશી નેતાઓ સાથે સંબંધો બનાવવાનું મહત્ત્વ આપ્યું હતું.
- તેઓ સૌપ્રથમ વર્ષ 1993માં જાપાનના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ચૂંટાયા હતા.
- વર્ષ 1999માં તેઓ આરોગ્ય અને કલ્યાણ સમિતિના નિયામક અને લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) સામાજિક બાબતોના વિભાગના નિયામક પણ બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- વર્ષ 2000 થી 2003 સુધી તેમણે લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP)ના ડેપ્યુટી ચીફ કેબિનેટ સેક્રેટરી તરીકે સેવા આપી હતી.
- ત્યારબાદ વર્ષ 2005-2006માં તેમણે LDPના મુખ્ય સચિવ તરીકે સેવા આપી હતી.
- તેઓ વર્ષ 2006માં પ્રથમ વખત જાપાનના વડાપ્રધાન બન્યા હતા.
- અને તેઓ બીજા વિશ્વયુદ્ધ પછી જન્મેલા અને બીજા વિશ્વયુદ્ધ પછીના સૌથી યુવા વયના વડાપ્રધાન હતા.
- તેમણે પ્રથમ વડાપ્રધાન તરીકે 26 સપ્ટેમ્બર, 2006 થી 26 સપ્ટેમ્બર, 2007 સુધી સેવા આપી હતી.
- ત્યારબાદ 2012માં લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ફરીથી અધ્યક્ષ બન્યા હતા.
- ત્યારબાદ જાપાનના વડાપ્રધાન તરીકે બીજી વખત 2012 થી 2020 સુધી સેવા આપી હતી.
- તેઓ જાપાનના લાંબા સમય સુધી રહેનાર વડાપ્રધાન હતા.

## એબેનોમિક્સ

શ્રી શિન્ઝો આબેએ એબેનોમિક્સનો ખ્યાલ આપ્યો હતો.

- તે આર્થિક નીતિઓના સમૂહનો ઉલ્લેખ કરે છે.
- આમાં દેશમાં નાણાંનો પુરવઠો વધારવા, સુધારા અમલમાં મૂકવા અને સરકારી ખર્ચ વધારવા માટેની નીતિઓનો સમાવેશ થાય છે.
- તેમાં ત્રણ મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે :

– પ્રથમ 2%ના ફુગાવાના લક્ષ્યને હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

– બીજુ લવચીક રાજકોષીય નીતિ

– અને ત્રીજું વૃદ્ધિ વ્યૂહરચના

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નોર્થ કોરિયા સાથે વિવાદ ઉકેલ્યો

શ્રી શિન્ઝો આબે નોર્થ કોરિયા પ્રત્યે તેમના આકરા વલણ માટે જાણીતા હતા.

- વર્ષ 2001માં નોર્થ કોરિયન નાગરિકોએ જાપાનના નાગરિકોનું અપહરણ કર્યુ હતું.
- શ્રી શિન્ઝો આબે જાપાન સરકાર તરફથી મુખ્ય મધ્યસ્થ રહ્યા હતા.
- તેમણે વર્ષ 2002માં નોર્થ કોરિયાના તત્કાલીન વડાપ્રધાન અને સરમુખત્યાર કિમ જોંગ ઉન સાથે મુલાકાત કરી હતી અને તેમના પ્રયાસોને કારણે સંકટ ઉકેલાયુ હતું.

## શ્રી શિન્ઝો આબે અને ભારત

શ્રી શિન્ઝો આબેના કાર્યકાળ દરમિયાન ભારત અને જાપાનના સંબંધો વધુ મજબૂત બન્યા હતા.

- શ્રી શિન્ઝો આબે દ્વારા ભારતના વડાપ્રધાન ડો. મનમોહન સિંહ, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ શ્રી ડિક ચેની અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી જોન હોવાર્ડના સહયોગથી વર્ષ 2007માં ચતુર્ભુજ સુરક્ષા સંવાદ અથવા QUADની શરૂઆત કરી હતી.
- શ્રી શિન્ઝો આબે વડાપ્રધાન તરીકે ચાર વખત ભારત આવ્યા હતા.
- તેઓ વડાપ્રધાન તરીકે વર્ષ 2007, 2014, 2015 અને 2017માં ભારત આવ્યા હતા.
- શ્રી શિન્ઝો આબે અને ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી મનમોહન સિંહે વર્ષ 2006માં ગ્લોબલ પાર્ટનરશિપ પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ ઉપરાંત વર્ષ 2007માં વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા હતા.
- તેઓ વર્ષ 2014માં દિલ્હીમાં ભારતના 65મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેનારા પ્રથમ જાપાનના વડાપ્રધાન હતા.
- વર્ષ 2015માં તેઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે અમદાવાદ અને વારાણસી ગયા હતા.
- આ દરમિયાન બંને વડાપ્રધાનોએ દશાશ્વમેધ ઘાટ પર ગંગાજળ હાથમાં લઈને વિશ્વ માટે મંગળકાપનાનો સંકલ્પ લીધો હતો. આ ઉપરાંત બંને વડાપ્રધાનોએ ગંગા આરતીમાં પણ ભાગ લીધો હતો.
- ભારતના પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર વર્ષ 2015માં તેઓ વડાપ્રધાન હતા ત્યારે સંમતિ સંધાઈ હતી.
- વર્ષ 2014માં જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાપાનની મુલાકાત લીધી હતી તે સમયે બંને દેશો વચ્ચે કાશીને જાપાનના ક્યોટો સિટીની જેમ વિકસિત કરવા સંધિ કરી હતી.

## પદ્મ વિભૂષણ

ડિપ્લોમસીની દષ્ટિએ શિન્ઝો આબે ખૂબ જ મજબૂત નેતા હતા. આ ઉપરાંત ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે પ્રગાઢ મિત્રતા હતી. તથા તેમના કાર્યકાળમાં જાપાન–ભારત સંબંધો મજબૂત બન્યા હતા.

- આથી વર્ષ 2021માં ભારતનું બીજુ સૌથી મોટું નાગરિક સન્માન 'પદ્મ વિભૂષણ' થી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.'


**નોંધ :** ડિસેમ્બર 2015માં તેમને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીએ માનદ ડોક્ટરેટની પદવી પણ આપી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વના પ્રસિદ્ધ નેતાઓની થયેલી હત્યા

શ્રી શિન્ઝો આબે ઉપરાંત આ અગાઉ વિશ્વના અનેક પ્રસિદ્ધ નેતાઓની હત્યા થઈ છે. જેમાં પરીક્ષાલક્ષી કેટલાંક નેતાઓની માહિતી નીચે મુજબ છે :

**શ્રી અબ્રાહમ લિંકન**




એપ્રિલ, 1865માં શ્રી અબ્રાહમ લિંકનની હત્યા થઈ હતી.

તેઓ અમેરિકાના 16મા રાષ્ટ્રપતિ હતા.

તેઓ નાટક જોઈ રહ્યા હતા ત્યારે હુમલાખોરે પાછળથી તેમના માથા પર ગોળી મારી હતી.

**શ્રી મહાત્મા ગાંધીજી**



30 જાન્યુઆરી, 1948ના રોજ ભારતના રાષ્ટ્રપિતા શ્રી મહાત્મા ગાંધીજી જ્યારે પ્રાથના સભામાં જઈ રહ્યા હતા ત્યારે શ્રી નથુરામ ગોડસે નામના વ્યક્તિએ ત્રણ ગોળી મારી હતી.

**શ્રી લિયાકત અલીખાન**



પાકિસ્તાનના પ્રથમ વડાપ્રધાન શ્રી લિયાકત અલીખાનની 16 ઓક્ટોબર, 1951ના રોજ હત્યા થઈ હતી.

રાવલપિંડીમાં સભાને સંબોધી રહ્યા હતા ત્યારે હુમલાખોરે તેમને ગોળી મારી હત્યા કરી હતી.


**શ્રી જોન એફ. કેનેડી**



અમેરિકાના 35માં રાષ્ટ્રપતિ શ્રી જોન એફ. કેનેડીની 22 નવેમ્બર, 1963ના રોજ હત્યા કરવામાં આવી હતી. ટેક્સાસના ડલાસમાં તેમની હત્યા થઈ હતી.

તેઓ શહેરની વચ્ચે જ પહોંચતા તેમની પર ગોળીબાર કરાયો હતો.

**શ્રી માર્ટિન લુથરકિંગ જુનિયર**



તેઓ અમેરિકન નાગરિક ચળવળના સુપ્રસિદ્ધ નેતા હતા.

માર્ચ 1968માં તેઓ સારી સારવારની માંગ કરી રહેલા લોકોને મળવા ટેનસી ગયા હતા.

તેમણે ટેનસીમાં ભાષણ આપ્યું હતું અને બીજા જ દિવસે સવારે તેઓ હોટલની બાલ્કનીમાં હતા ત્યારે તેમની હત્યા થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**શ્રીમતી ઈન્દિરા ગાંધી**



31 ઓક્ટોબર, 1984ના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની તેમના બોડીગાર્ડ દ્વારા હત્યા કરવામાં આવી હતી.

**શ્રી રાજીવ ગાંધી**



મે, 1991માં ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની LTTEના આતંકીઓએ બોમ્બ વિસ્ફોટ કરીને હત્યા કરી હતી.

આ દિવસે શ્રી રાજીવ ગાંધી તમિલનાડુના શ્રીપેરામ્બુદુરમાં ચૂંટણી સભાને સંબોધવાના હતા ત્યારે જ માનવ બોમ્બે વિસ્ફોટ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**શ્રી યિત્ઝાક રેબિન**



ઈઝરાયેલના વડાપ્રધાન યિત્ઝાક રેબિનની 4 નવેમ્બર, 1995ના રોજ હત્યા થઈ હતી.

તેઓ તેલઅવીવના કિંગ્સ ઓફ સ્કવેર ખાતે રેલી કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે જ હુમલાખોરે તેમની પર ગોળી ચાલવી હતી.

**સુશ્રી બેનઝીર ભુટ્ટો**



પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોની હત્યા 27 ડિસેમ્બર, 2007ના રોજ થઈ હતી.

રાવલપિંડીમાં ચૂંટણી સભાને સંબોધિત કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે જ હુમલાખોરે તેમને ગોળી મારી હત્યા કરી હતી.

**શ્રી જોવેનેઈલ મોસ**



કેરેબિયન દેશ હૈતીના રાષ્ટ્રપતિ શ્રી જોવેનેઈલ મોસેની હત્યા જુલાઈ 2021માં થઈ હતી.

તેમના ઘરમાં જ હુમલાખોરો દ્વારા ગોળીમારી હત્યા કરવામાં આવી હતી.

## માનગઢ ટેકરીને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવામાં આવ્યું

નેશનલ મોન્યુમેન્ટ ઓથોરિટી (NMA)ના અહેવાલમાં 1500 ભીલ આદિવાસી સ્વાતંત્રતા સેનાનીઓના સન્માનમાં રાજસ્થાનમાં માનગઢ ટેકરીની ટોચને રાષ્ટ્રીય સ્મારક તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરવામાં આવી છે.

### માનગઢની ટેકરી

ગુજરાત–રાજસ્થાન સરહદ પર સ્થિત માનગઢની ટેકરી એ આદિવાસી વિદ્રોહનું સ્થળ છે.

- જ્યાં વર્ષ 1913માં 1500 થી વધુ ભીલ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓ શહિદ થયા હતા.
- આ જગ્યાને આદિવાસી જલિયાવાલા બાગ તરીકે પણ ઓળખવામાં આવે છે. અને અહીં સ્મારક બનાવવાની માંગ પણ કરવામાં આવી છે.
- 17 નવેમ્બર, 1913ના રોજ બ્રિટિશ સેનાએ વિરોધમાં એકઠા થઈ રહેલા આદિવાસીઓ પર ગોળીબાર કર્યો હતો.
- જેનું નેતૃત્વ ગોવિંદગુરૂ સમુદાયના એક નેતાએ કર્યુ હતું.
- જેમાં 1500થી વધુ લોકોના મૃત્યુ થયા હતા.

### નેશનલ મોન્યુમેન્ટ્સ ઓથોરિટી

પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો (AMASR) (સુધારો અને માન્યતા) અધિનિયમની જોગવાઈઓ અનુસાર સંસ્કૃતિ મંત્રાલય હેઠળ રાષ્ટ્રીય સ્મારક સત્તામંડળની સ્થાપના કરવામાં આવી હતી, જે માર્ચ 2010માં ઘડવામાં આવ્યો હતો.

- NMAને કેન્દ્રીય રીતે સંરક્ષીત સ્મારકોની આસપાસના પ્રતિબંધિત અને નિયંત્રિત વિસ્તારોના સંચાલન દ્વારા સ્મારકો અને સ્થળોના સંરક્ષણ સંબંધિત સંખ્યાબંધ કાર્યો સોંપવામાં આવ્યા છે.

### ભીલ જનજાતિ

ભીલોને સામાન્ય રીતે રાજસ્થાનના ધનુષધારી (Bowmen) તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે દક્ષિણ એશિયાની સૌથી મોટી જનજાતિ છે.
- સામાન્ય રીતે તેને બે સ્વરૂપોમાં વર્ગીકૃત કરવામાં આવે છે : (1) મધ્યમ અથવા શુદ્ધ ભીલ, (2) પૂર્વીય અથવા રાજપૂત ભીલ
- મધ્ય ભીલ ભારતમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનના પર્વતીય પ્રદેશોમાં જોવા મળે છે. આ ઉપરાંત ત્રિપુરાના ઉત્તરપૂર્વીય પ્રદેશોમાં પણ જોવા મળે છે.
- આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ત્રિપુરામાં તેઓને અનુસૂચિત જનજાતિ ગણવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્યભટ્ટ-1 : એનાલોગ ચિપસેટનો પ્રોટોટાઈપ વિકસાવવામાં આવ્યો



IIScના સંશોધકોએ તાજેતરમાં 'આર્યભટ્ટ–1' નામના એનાલોગ ચિપસેટનો પ્રોટોટાઈપ વિકસાવ્યો છે.

- ટીમે એનાલોગ કમ્પ્યૂટિંગ ચિપસેટ્સની આગામી પેઢીના વિકાસ માટે ડિઝાઈન ફ્રેમવર્ક વિકસાવ્યું છે.
- આ ચિપસેટ્સ ઝડપથી કામ કરી શકે છે.
- તે વિવિધ ઈલેક્ટ્રોનિક ગેજેટ્સમાં વપરાતા ડિજિટલ પ્રોસેસર્સ કરતાં ઓછી શક્તિનો ઉપયોગ કરશે.
- તેને શ્રી પ્રતીક કુમાર દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે. જે IISc બેંગ્લુરુમાં Phd વિદ્યાર્થી છે.

### આર્યભટ્ટ-1

આર્યભટ્ટ–1નો અર્થ છે **'Analog Reconfigurable Technology and Bais-scalable hardware for AI tasks'**

- આવા ચિપસેટ્સ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર આધારિત એપ્લિકેશનો માટે ફાયદાકારક હોઈ શકે છે જેમ કે ઓબ્જેક્ટ અથવા સ્પીચ રેકગ્નિશન એપ જેમાં એલેક્સાનો સમાવેશ થાય છે.

### પડકારો

એનાલોગ ચિપ્સના ઉત્પાદન સાથે સંકળાયેલા ઘણા તકનીકી પડકારો છે :

(1) એનાલોગ પ્રોસેસર્સ ડિજિટલ ચિપ્સની તુલનામાં પરીક્ષણ અને સહ–ડિઝાઈન માટે પડકારરૂપ છે. ઉચ્ચ સ્તરના કોડ કમ્પાઈલ કરીને મોટા પાયે ડિજિટલ પ્રોસેસર્સ ઝડપથી વિકસાવી શકાય છે.

(2) એનાલોગ ચિપ્સ સુધી માપવાનું પણ મુશ્કેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | તાજેતરમાં શ્રી શિન્ઝો આબેનું નિધન થયું છે. તેઓ કયા દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન હતા ? | | | | |
| | (A) ઈન્ડોનેશિયા | (B) જાપાન | (C) ઉ.કોરિયા | (D) દક્ષિણ કોરિયા | (B) |
| 2. | શ્રી શિન્ઝો આબેનો જન્મ જાપાનના કયા સ્થળે થયો હતો ? | | | | |
| | (A) શિંજકુ, ટોક્યો | (B) શિંજકુ, ક્યોટો | (C) નાગાસાકી | (D) ઓસાકા | (A) |
| 3. | તાજેતરમાં જાપાનના પૂર્વ વડાપ્રધાન શ્રી શિન્ઝો આબેનું નિધન થયું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?<br>1. તેઓ જાપાનની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી સાથે સંકળાયેલ હતા.<br>2. તેઓ જાપાનમાં સૌથી લાંબા સમય સુધી રહેનાર વડાપ્રધાન હતા.<br>3. તેમણે વર્ષ 2005 થી 2006 અને 2012 થી 2020 સુધી જાપાનના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો. | | | | |
| | (A) ફક્ત 1 અને 3 | (B) ફક્ત 2 અને 3 | (C) ફક્ત 1 અને 2 | (D) 1, 2 અને 3 | (D) |
| 4. | જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી શિન્ઝો આબેએ 'એબેનોમિક્સ'નો ખ્યાલ આપ્યો હતો. તે શું છે ?<br>(A) તે આર્થિક નીતિઓના સમૂહનો ઉલ્લેખ કરે છે.<br>(B) તે જાપાનની ઘરેલું રમતોને આગળ વધારવાનું પ્રોત્સાહન આપે છે.<br>(C) તે જાપાનમા ડિજિટલ ક્રાંતિ લાવવા માટે નિયમોનો સમૂહ છે.<br>(D) તે જાપાનની સંરક્ષણ ટેક્નોલોજી સાથે સંકળાયેલ છે. | | | | (A) |
| 5. | તાજેતરમાં શ્રી શિન્ઝો આબેનું નિધન થયું છે. તેમને ભારત સરકાર દ્વારા કયા વર્ષે 'પદ્મ વિભૂષણ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા ? | | | | |
| | (A) 2012 | (B) 2016 | (C) 2021 | (D) 2022 | (C) |
| 6. | તાજેતરમાં નેશનલ મોન્યુમેન્ટ ઓથોરિટી (NMA)ના અહેવાલમાં માનગઢ ટેકરીને રાષ્ટ્રીય સ્મારક તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરવામાં આવી છે. તે કયા સ્થળે સ્થિત છે ? | | | | |
| | (A) ગુજરાત–રાજસ્થાન સરહદ પર | | (B) મધ્યપ્રદેશ–છત્તીસગઢ સરહદ પર | | |
| | (C) કર્ણાટક–મહારાષ્ટ્ર સરહદ પર | | (D) પંજાબ–હરિયાણા સરહદ પર | | (A) |
| 7. | તાજેતરમાં કોણે 'આર્યભટ્ટ–1' નામના એનાલોગ ચિપસેટનો પ્રોટોટાઈપ વિકસાવ્યો છે ? | | | | |
| | (A) IIT ગાંધીનગરના સંશોધકોએ | | (B) IIScના સંશોધકોએ | | |
| | (C) ISROની પૂણે સ્થિત લેબોરેટરીએ | | (D) DRDOની પૂણે સ્થિત લેબોરેટરીએ | | (B) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાયન્ટિફિક એક્સપોનું ઉદ્‌ઘાટન કર્યુ**

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસાણા ખાતે 8 જુલાઈ થી 10 જુલાઈ દરમિયાન સાયન્ટિફિક એક્સ્પોનું ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતમાં પ્રથમ વાર આ પ્રકારનો સાયન્ટિફિક એક્સ્પો યોજવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદી કા અમૃત મહોત્સવ દ્વારા રાષ્ટ્રને 5 મિલિયન ડોલરની અર્થવ્યવસ્થા તરફ લઈ જવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. જેના માટે વિજ્ઞાન, યુવા અને સ્ટાર્ટઅપ્સનું વિશેષ યોગદાનનું મહત્ત્વ છે, જેને આવા પ્રદર્શનો દ્વારા સમર્થન મળે છે. દેશે જુસ્સાદર નેતૃત્ત્વ સાથે મજબૂત ઈકોસિસ્ટમનું નિર્માણ કર્યુ છે. આપણો દેશ 72,000 થી વધુ સ્ટાર્ટઅપ્સ અને 100 થી વધુ યુનિકોર્ન સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વ લીડર બન્યો છે. ગુજરાતે સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ત્રીજા વર્ષે સફળતા હાંસલ કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **વંદે ગુજરાત વિકાસ યાત્રા**

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદથી વંદે ગુજરાત વિકાસયાત્રાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. અને જણાવ્યું હતું કે 20 વર્ષનો વિકાસ અને 20 વર્ષનો વિશ્વાસ આ બંન્ને શબ્દો એકબીજાના પર્યાય બની ગયા છે તે ગુજરાતે સિદ્ધ કરી બતાવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ યાત્રાનો રાજ્યવ્યાપી પ્રારંભ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી કરાવ્યો હતો. નોંધનીય છે કે રાજ્યમાં જિલ્લા કક્ષાએ મંત્રીમંડળના સભ્યો સહિત પદાધિકારીની ઉપસ્થિતિમાં આ યાત્રાનો શુભારંભ થયો છે. 82 વંદે ગુજરાત વિકાસ રથ સાથે તારીખ 5 થી 19 જુલાઈ, 2022 દરમિયાન યોજનારી આ યાત્રા રાજ્યના 33 જિલ્લાઓ, 8 મહાનગરપાલિકાઓ અને તમામ ગામડા વોર્ડમાં પરિભ્રમણ કરશે. જે અંતર્ગત રાજ્યભરમાં 2500થી વધુ કાર્યક્રમ યોજાશે અને અનેક નવા વિકાસ કાર્યોની ઘોષણા અને લોકાર્પણ કરાશે. વંદે વિકાસ યાત્રા રાજ્યના નિરંતર વિકાસમાં એક નવો આયામ ઉમેરશે.

➤ **ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના સાયન્સ સિટી ખાતેથી દેશની સૌથી મોટી એવી 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'નો શુભારંભ કરાવ્યો હતો. આગામી 75 દિવસ દરમિયાન તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ આ ક્વિઝ યોજાશે. જેમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય નાગરિકો સહિત 25 લાખથી વધુ સ્પર્ધકો ભાગ લેવાના છે.

## ભારત

➤ **હિમાચલ પ્રદેશ સરકારે 'નારી કો નમન' યોજના શરૂ કરી**

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી શ્રી જયરામ ઠાકુરે મહિલાઓ માટે 'નારી કો નમન' યોજના શરૂ કરી હતી. આ યોજના રાજ્યની વિધાનસભા ચૂંટણી પહેલા કરવામાં આવેલી જાહેરાતને અનુરૂપ શરૂ કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશ સરકારે રાજ્ય સરકારની બસોમાં મહિલાઓ માટે ટિકિટના ભાવમાં 50% ડિસ્કાઉન્ટની જાહેરાત કરી છે. આ રીતે મહિલાઓ માટે બસની ટિકિટ અડધી કિંમતે મળશે. આ યોજના હેઠળ હિમાચલ પ્રદેશ સરકાર રાજ્યની મહિલાઓને ટિકિટના ભાવમાં 50% ડિસ્કાઉન્ટ આપવા માટે વાર્ષિક રૂ. 60 કરોડનો ખર્ચ કરશે. એક અંદાજ મુજબ હિમાચલપ્રદેશમાં બસોમાં દરરોજ 1.25 લાખ મહિલાઓ મુસાફરી કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **છોડમાં નાઈટ્રોજન શોષણનું નિયમન**

નેશનલ સેન્ટર ફોર બાયોલોજિકલ સાયન્સ, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ, બેંગ્લોર (NCBS-TIFR)ના સંશોધકોએ એક નવો માર્ગ શોધી કાઢયો છે જે છોડમાં નાઈટ્રેટ શોષણને નિયંત્રિત કરે છે. સંશોધકોએ MADS27 નામને MiR444 ટાર્ગેટ જનીનનું પરીક્ષણ કર્યુ હતું. જે એક ટ્રાન્સક્રિપ્શન પરિબળ છે જેને અગાઉ થોડું ધ્યાન આપવામાં આવ્યું હતું. ટ્રાન્સક્રિપ્શન પરિબળો એ પ્રોટીન છે જે DNAને RNA અથવા ટ્રાન્સક્રિપ્શનમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયામાં સામેલ છે. માઈક્રો–આરએનએ, MIR444, MADS27 જનીનને સક્રિય કરે છે, જે નાઈટ્રેટ શોષણ, મૂળના વિકાસ અને તણાવ સહિષ્ણુતાને નિયંત્રિત કરે છે, આમ આ છોડના ગુણધર્મને નિયંત્રિત કરવાનો માર્ગ પૂરો પાડે છે. સંશોધકો દ્વારા ચોખા અને તમાકુ બંને છોડમાં આ અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ 'જર્નલ ઓફ એક્સપેરિમેન્ટલ બોટની'માં પ્રકાશિત થયો હતો.

➤ **ટેક્નોલોજી ઈનોવેશન સેન્ટર-તિહાન**

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીશ્રીએ 4 જુલાઈ, 2022ના રોજ IIT હૈદરાબાદ કેમ્પસમાં માનવરહિત એરિયલ વાહનો વિકસાવવા માટે અત્યાધુનિક ઓટોનોમસ નેવિગેશન–તિહાન પર ટેકનોલોજી ઈનોવેશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. IIT હૈદરાબાદ ઉભરતી નેક્સ્ટ જનરેસનની સ્માર્ટ મોબિલિટી ટેકનોલોજીના ક્ષેત્રમાં નવીનતા માટે વિજ્ઞાન અને ટેકનલોજી મંત્રાલયને સમર્થન આપી રહ્યું છે. ઓટોનોમસ નેવિગેશન અને ડેટા એક્વિઝિશન સિસ્ટમના ચોક્કસ ડોમેન ક્ષેત્રમાં આંતરશાખાકીય તકનીકોના R&D પર જરૂરી ધ્યાન કેન્દ્રિત કરીને, કેન્દ્ર માનવરહિત અને સ્વાયત્ત વાહનો સંબંધિત વિવિધ પડકારોના તાત્કાલિક ઉકેલો પર ભાર મુકે છે.

➤ **ઓપરેશન નાર્કોસ : RPF**

રેલવે પ્રોટેકશન ફોર્સ (RPF)એ તાજેતરમાં 'ઓપરેશન નાર્કોસ' હેઠળ રૂ. 7.40 કરોડના માદક દ્રવ્યો રિકવર કર્યા છે. RPFએ નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થોના જોખમ તરફ ધ્યાન દોરવા માટે જુન 2022માં 'ઓપરેશન નાર્કોસ' શરૂ કરવામાં આવ્યું હતું. તે એક મહિના સુધી ચાલનાર સમગ્ર ભારતનું અભિયાન હતું, જે રેલ મારફતો ડ્રગની દાણચોરી સામે શરૂ કરવામાં આવ્યું હતું. RPF અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો સાથે મળીને ટ્રેનો પર તેની તપાસ વધુ તીવ્ર બનાવી હતી અને દેશભરમાં બ્લેક સપોર્ટની ઓળખ કરી હતી.

➤ **ઉત્તરપ્રદેશ મેંગો ફેસ્ટિવલ 2022**

ઉત્તરપ્રદેશ મેંગો ફેસ્ટિવલ 2022નું લખનૌમાં 4 જુલાઈ થી 7 જુલાઈ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન 'મેંગો કલ્સ્ટર ઓફ કેરી'નું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારે કેરીના મેગા કલ્સ્ટર માટે તેની મંજૂરી આપી દીધી છે અને આગામી પાંચ વર્ષમાં તેના પર 100 કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. મેગા મેંગો કલ્સ્ટરની કેરીઓને 'કાકોરી બ્રાન્ડ' તરીકે ટેગ કરવામાં આવશે. લખનૌમાં 'ઉત્તરપ્રદેશ મેંગો ફેસ્ટિવલ–2022'નું ઉદ્‌ઘાટન કરતી વખતે આ જાહેરાત કરવામાં આવી હતી. કાકોરી ઘટનાના નાયકોને શ્રદ્ધાંજલી આપવા માટે કલ્સ્ટરમાંની કેરીઓને 'કાકોરી બ્રાન્ડ' તરીકે ટેગ કરવામાં આવશે. આ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કરવામાં આવી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **અગ્રદૂત સમાચાર પત્ર**

અગ્રદૂત ભારતમાં પ્રકાશિત થયેલુ આસામી ભાષાનું સમાચારપત્ર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 6 જુલાઈ, 2022ના રોજ વિડીયો કોન્ફરન્સ દ્વારા અગ્રદૂત ન્યૂઝપેપર ગ્રૂપની સુવર્ણ જંયતિ ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. આસામના મુખ્યમંત્રી ડો. હિંમત બિશ્વ શર્મા આ સુર્વણ જંયતિ ઉજવણી સમિતિના મુખ્ય આશ્રયદાતા છે. અગ્રદૂતની શરૂઆત આસામી પાક્ષીક તરીકે કરવામાં આવી હતી. તેની સ્થાપના આસામના વરિષ્ઠ પત્રકાર કનક સેન ડેકા દ્વારા કરવામાં આવી હતી. તેણે વર્ષ 1995માં નિયમિત દૈનિક અખબાર તરીકે પ્રકાશન શરૂ કર્યુ અને ટૂંક સમયમાં તે આસામનો વિશ્વસનીય અને પ્રભાવશાળી અવાજ બની ગયો.

➤ **હરિયાળી મહોત્સવ 2022**

8 જુલાઈ, 2022ના રોજ હરિયાળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે 'પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય' દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉત્સવનું આયોજન 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત કરવામાં આવ્યું છે. હરિયાળી મહોત્સવ એ જંગલોના સંરક્ષણ અને વૃક્ષારોપણ માટે જનતામાં ઉત્સાહ ઉત્પન કરવાનું અસરકારક માધ્યમ છે. આ ઈવેન્ટ પર્યાવરણ સુરક્ષા માટે સરકારની આગેવાની હેઠળની પહેલો અને નીતિઓને પૂરક બનાવે છે.

➤ **ગૂગલ સ્ટાર્ટઅપ સ્કૂલ ઈન્ડિયા પહેલ**

ગૂગલ દ્વારા 'સ્ટાર્ટઅપ સ્કૂલ ઈન્ડિયા' પહેલ 6 જુલાઈ, 2022ના રોજ શરૂ કરવામાં આવી હતી. સ્ટાર્ટઅપ સ્કૂલ ઈન્ડિયા પહેલ સ્ટાર્ટઅપ પર સંબંધિત માહિતી એકત્રિત કરવા અને તેને વ્યવસ્થિત અભ્યાસક્રમમાં તૈયાર કરવાના ઉદ્દેશ્ય સાથે સ્થાપિત કરવામાં આવી છે. આ પગલું ટિયર 2 અને ટિયર 3 શહેરોમાં 10,000 સ્ટાર્ટ–અપ્સને મદદ કરશે. આ ઈવેન્ટ નવ અઠવાડિયા માટે વર્ચ્યુઅલ મોડમાં હાથ ધરવામાં આવશે. આમાં ગૂગલ ભાગીદારો અને સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમના નેતાઓ વચ્ચે ફાયરસાઈડ ચેટ્સ શામેલ હશે.

➤ **અમૃત સાંસ્કૃતિક વારસો પર યુનેસ્કો સંમેલન**

ભારતને 2022-2026ના સમયગાળા માટે યુનેસ્કોના 2003 સંમેલન ફોર ધ પ્રોટેકશન ઓફ ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ (ICH)ની આંતર–સરકારી સમિતિ માટે ચૂંટવામાં આવ્યું છે. ભારતે 2006 થી 2010 અને 2014 થી 2018 સુધી બે વખત ICH સમિતિના સભ્ય તરીકે સેવા આપી છે. અમૃત સાંસ્કૃતિક વારસો એ પ્રથાઓ, અભિવ્યક્તિઓ, જ્ઞાન અને કુશળતા છે જેને સમુદાયો, જૂથો અને કેટલીકવાર વ્યક્તિઓ તેમના સાંસ્કૃતિક વારસાના ભાગ તરીકે ઓળખે છે.

➤ **ઈન્ડિયા એનિમલ હેલ્થ સમિટ 2022**

તાજેતરમાં કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રીએ નવી દિલ્હીમાં ભારતની પ્રથમ એનિમલ હેલ્થ સમિટ 2022નું ઉદ્દઘાટન કર્યુ હતું. 'ઈન્ડિયા ચેમ્બર ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર' (ICFA) અને એગ્રીકલ્ચર ટુ ડે ગ્રુપ દ્વારા આયોજિત આ ભારતની પ્રથમ પશુ આરોગ્ય સમિટ છે. એનિમલ હેલ્થ એ વન હેલ્થનું મહત્ત્વનું ઘટક છે. વન હેલ્થ એ એક અભિગમ છે જે માન્યતા આપે છે કે લોકોનું સ્વાસ્થ્ય પ્રાણીઓના સ્વાસ્થ્ય અને આપણા સહિયારા વાતાવરણ સાથે ગાઢ રીતે જોડાયેલું છે.

## વિશ્વ

➤ **એશિયા પેસિફિક સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સ 2021**

એશિયા પેસિફિક સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સ (એશિયા પેસિફિક સ્થિરતા સૂચકાંક) તાજેતરમાં નાઈટ ફ્રેન્ક દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો, જે વૈશ્વિક મિલકત સલાહકાર છે. આ ઈન્ડેક્સમાં ચાર ભારતીય શહેરો બેંગ્લુરુ, હૈદરાબાદ, દિલ્હી અને મુંબઈને ટોચના 20 ટકાઉ શહેરમાં સ્થાન આપવામાં આવ્યું છે. તે શહેરીકરણ દબાણ, કાર્બન ઉત્સર્જન, આબોહવા જોખમ અને સરકારી પહેલના આધારે 36 શહેરોને સ્થાન આપે છે. આ ઈન્ડેક્સમાં સિંગાપોર ટોચ પર છે. તે પછી સિડની, વેલિંગ્ટન, પર્થ અને મેલબોર્ન આવે છે. ભારતીય શહેરોમાં બેંગ્લોર પ્રથમ ક્રમે છે જ્યારે તે એશિયા પેસિફિક ક્ષેત્રમાં 14મા ક્રમે છે. બેંગ્લુરુ એકમાત્ર ભારતીય શહેર છે જેણે 'ગોલ્ડ' સ્ટાન્ડર્ડ કેટેગરી હાંસલ કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ**

તાજેતરમાં 100માં આંતરરાષ્ટ્રીય સહકારી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. 16 ડિસેમ્બર, 1992ના રોજ 'યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી' દ્વારા જુલાઈના પ્રથમ શનિવારને આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આ દિવસનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવા અને તેમના વિસ્તરણ અને નફાકારકતાને પ્રોત્સાહન આપવાનું વાતાવરણ ઉભુ કરવાનો છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ની થીમ 'Cooperatives Build a Better World' (સહકારીઓ એક સારી દુનિયાનું નિર્માણ કરે છે) છે. નોંધનીય છે કે વર્ષ 2022માં 2 જુલાઈના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકારે 'સહકાર દ્વારા આત્મનિર્ભર ભારત અને વધુ સારા વિશ્વનું નિર્માણ' થીમ હેઠળ આ દિવસની ઉજવણી કરી હતી.

➤ **ફિલિપાઈન્સના નવા રાષ્ટ્રપતિ : શ્રી જુનિયર ફર્ડિનાન્ડ માર્કોસ**

શ્રી જુનિયર ફર્ડિનાન્ડ માર્કોસે તાજેતરમાં ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે. તેમણે રાષ્ટ્રપતિ તરીકે શ્રી રોડ્રિગો દુતેર્તેનું સ્થાન લીધુ છે. તથા રોડ્રિગો દુતેર્તેની પુત્રી સારા દુતેર્તેએ ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે.

## ICE ? Questions

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ..........ખાતે 8 થી 10 જુલાઈ દરમિયાન આયોજિત સાયન્ટિફિક એક્સ્પોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. – મહેસાણા
- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળેથી વંદે ગુજરાત વિકાસયાત્રાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો ? – અમદાવાદ
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના કયા સ્થળેથી દેશની સૌથી મોટી એવી 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'નો શુભારંભ કરાવ્યો હતો ? – સાયન્સ સિટી
- એશિયા પેસિફિક સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સ 2021માં કયું શહેર ટોચ પર છે ? – સિંગાપોર
- તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'નારી કો નમન' યોજના શરૂ કરી છે ? – હિમાચલ પ્રદેશ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ ટેકનોલોજી ઈનોવેશન સેન્ટર–તિહાન ક્યાં આવેલું છે ? – IIT હૈદરાબાદ
- તાજેતરમાં કેટલામાં આંતરરાષ્ટ્રીય સહકારી દિવસની ઉજવણી કરવામાં આવી હતી ? – 100મા
- ફિલિપાઈન્સના નવા રાષ્ટ્રપતિનું નામ જણાવો ? – શ્રી જુનિયર ફર્ડિનાન્ડ માર્કોસ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ ઓપરેશન નાર્કોસ કોની સાથે સંકળાયેલું છે ? – RPF
- ઉત્તરપ્રદેશ મેંગો ફેસ્ટિવલનું કયા સ્થળે આયોજન થયું હતું ? – લખનૌ
- તાજેતરમાં સમાચારમાં રહેલ અગ્રદૂત સમાચાર પત્ર કઈ ભાષા સાથે સંકળાયેલ છે ? – આસામી
- તાજેતરમાં કયા શહેરમાં હરિયાળી મહોત્સવ 2022નું આયોજન કરવામાં આવ્યું હતું ? – દિલ્હી
- તાજેતરમાં કોના દ્વારા 'સ્ટાર્ટઅપ સ્કૂલ ઈન્ડિયા' પહેલ શરૂ કરવામાં આવી છે ? – ગૂગલ
- તાજેતરમાં ભારતને કયા સમયગાળા માટે યુનેસ્કોના 2003 સંમેલન ફોર ધ પ્રોટેક્શન ઓફ ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ (ICH)ની આંતર સરકારી સમિતિ માટે ચૂંટવામાં આવ્યું છે ? – 2022 થી 2026
- તાજેતરમાં કયા સ્થળે ભારતની પ્રથમ એનિમલ હેલ્થ સમિટ 2022નું આયોજન થયું હતું ? – દિલ્હી

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. ભારતના પ્રસિદ્ધ બોલર શ્રી જસપ્રિત બુમરાહે ટેસ્ટ મેચમાં કયા બોલરની ઓવરમાં 29 રન ફટકાર્યા હતા ? – સ્ટુઅર્ટ બ્રોડ

(ઈંગ્લેન્ડની સામેની ટેસ્ટ સિરીઝમાં ભારતના ખેલાડી શ્રી જસપ્રિત બુમરાહે ઈંગ્લેન્ડના બોલર શ્રી સ્ટુઅર્ટ બ્રોડની ઓવરમાં 29 રન ફટકાર્યા હતા તથા છ રન એક્સ્ટ્રા મળ્યા હતા. એટલે કે એક ઓવરમાં 35 રન આવ્યા હતા સ્ટુઅર્ટ બ્રોડની આ અવોર ટેસ્ટ ઈતિહાસની સૌથી મોંઘી ઓવર હતી.)

2. બેંક બોર્ડ બ્યૂરો (BBB)ને બદલવા માટે કઈ નવી સંસ્થાને મંજૂરી આપવામાં આવી છે ? – ફાઈનાન્શિયલ સર્વિસ ઈન્સ્ટિટ્યૂશન બ્યૂરો (FSIB)

3. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'SDG નેશનલ ઈન્ડિકેટર ફ્રેમવર્ક' (NIF) બહાર પાડ્યો છે ? – આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય

4. તાજેતરમાં કઈ સંસ્થાએ કોવિડ–19 સંચાલન માટે આયુષ પ્રથાનો સંગ્રહ બહાર પાડ્યો છે ? – નીતિ આયોગ

5. કઈ સંસ્થાએ 'પરીક્ષા સંગમ'નામનું પોર્ટલ શરૂ કર્યુ છે ? – CBSE

6. કઈ સંસ્થા મેન્યુફેક્ચરિંગ કંપનીઓનું OBICUS (Order books, Innvetories and capacity utilisation) સર્વેક્ષણ કરે છે ? – RBI

7. તાજેતરમાં કયા રાજ્યએ અથવા કેન્દ્રશાસિત પ્રદેશે તેના સભ્યોના પગારમાં 66% થી વધુ વધારો કરવા માટે એક બિલ પસાર કર્યુ છે ? – દિલ્હી

(દિલ્હી વિધાનસભાએ તેના સભ્યોના પગાર અને ભથ્થાને 66% થી વધુ કરવા માટે એક બિલ પસાર કર્યુ છે.)

8. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ફિલ્ડ મેડલ' કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – ગણિત

9. ડો. રાજેન્દ્ર પ્રસાદ મેમોરિયલ એવોર્ડ, જે તાજેતરમાં જાહેર કરવામાં આવ્યો હતો, તે કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – લોક પ્રશાસન (પબ્લિક એડમિનિસ્ટ્રેશન)

10. ભારતે સેવા ઉદ્યોગમાં 11 વર્ષમાં સૌથી ઝડપી વૃદ્ધિ કયા મહિનામાં નોંધાવી ? – જૂન 2022

11. કઈ સંસ્થાએ 'ગ્લોબલ ફાઈન્ડેક્સ ડેટાબેઝ 2021' બહાર પાડ્યુ છે ? – વિશ્વ બેંક

(વિશ્વ બેંકે 'ગ્લોબલ ફાઈન્ડેક્સ ડેટાબેઝ 2021 : ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન, ડિજિટલ પેમેન્ટ્સ અને રિઝિલિયન્સ ઈન ધ એજ ઓફ Covid-19' બહાર પાડ્યુ છે. આ રિપોર્ટમાં જાણવા મળ્યુ કે પુરુષની સરખામણીમાં મહિલાઓ બેંક રહિત હોવાની સંભાવના વધુ છે.)

12. '2022 વૈશ્વિક જૈવવિવિધતા સંમેલન'નું યજમાન શહેર કયું છે ? – બોન

13. તાજેતરમાં રાજ્યસભા માટે નામાંકન પામેલા ઈલૈયારાજા કયા ક્ષેત્ર માટે જાણિતા છે ? – સંગીત

14. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'મિશન વાત્સલ્ય' યોજના કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવેલી યોજના છે ? – મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

15. શ્રી પીયુષ ગોયલ પછી G20 માટે ભારતના નવા શેરપા તરીકે કોનું નામ આપવામાં આવ્યું છે ? – શ્રી અમિતાભ કાન્ત

16. ભારત સરકારના તમામ ડિજિટલ પ્રોજેક્ટના એક ભંડારનું નામ શું છે જે વિશ્વ સાથે શેર કરવામાં આવશે ? – IndiaStack Global

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
| --- | --- |
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
| --- | --- |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
| --- | --- |
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
| --- | --- |
| icerajkot | ICE® MAGIC<br>WEEKLY CURRENT AFFAIRS<br>Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.